RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 14 Issue : 271 Dt. 23-1-2025 Page : 08 Price : Rs 3




Editor : **PRATIPALSINH NARENDRASINH JADEJA,** Publisher, Printer & Owner : **YASHPALSINH JAYCHANDRASINH JADEJA**
Place of Publication : **201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT**




# જલગાંવ પુષ્પક એક્સપ્રેસ ટ્રેન દુર્ઘટના



# ૧૦થી વધુ મોત

## ટ્રેનમાં આગ લાગવાની અફવા પર કેટલાક મુસાફરો ડબ્બાઓમાંથી બહાર આવી ગયા : મુસાફરો રેલવે ટ્રેક પર હતા ત્યારે કર્ણાટક એક્સપ્રેસે મારી ટક્કર

નવીદિલ્હી, તા. ૨૨

મહારાષ્ટ્રના જલગાંવ જિલ્લામાં પુષ્પક એક્સપ્રેસ ટ્રેનના મુસાફરોને કર્ણાટક એક્સપ્રેસે ટક્કર મારી છે. મળતી માહિતી મુજબ ટ્રેનમાં આગ લાગવાની અફવા પર કેટલાક રેલવે મુસાફરો તેમના ડબ્બાઓમાંથી બહાર આવી ગયા હતા. દરમિયાન કર્ણાટક એક્સપ્રેસ ટ્રેને પુષ્પક એક્સપ્રેસના મુસાફરોને ટક્કર મારી છે. આ અકસ્માત બાદ રેલવે અધિકારીઓ અને અન્ય સ્ટાફ ઘટનાસ્થળે પહોંચી ગયો છે.

મહારાષ્ટ્રના જલગાંવ જિલ્લામાં ચેઈન પુલિંગ બાદ પાટા પર આવી ગયેલી અન્ય ટ્રેનના મુસાફરોને ટ્રેને કચડી નાખ્યા હતા. પ્રાથમિક માહિતી અનુસાર આ દુર્ઘટનામાં પુષ્પક એક્સપ્રેસના ૧૦ મુસાફરોના મોત થયા છે અને ઘાયલોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ મુસાફરોને બીજી દિશામાંથી આવતી કર્ણાટક એક્સપ્રેસે ટક્કર મારી હતી. નાસિકના ડિવિઝનલ કમિશનર પ્રવીણ ગેડમે જણાવ્યું હતું કે પુષ્પક એક્સપ્રેસના મુસાફરો રેલવે ટ્રેક પર હતા ત્યારે કર્ણાટક એક્સપ્રેસે તેમને ટક્કર મારી હતી. કર્ણાટક એક્સપ્રેસ પુષ્પક એક્સપ્રેસના જ ટ્રેક પરથી પસાર થઈ રહી હતી. તેમણે કહ્યું કે એડિશનલ એસપી, કલેક્ટર અને તમામ અધિકારીઓ ઘટનાસ્થળે જઈ રહ્યા છે. તેમણે કહ્યું કે સ્થાનિક વહીવટીતંત્ર ડીઆરએમ અને રેલવે અધિકારીઓ સાથે સંકલન કરી રહ્યું છે. તેમણે એમ પણ જણાવ્યું કે પ્રાપ્ત માહિતી મુજબ ૮ એમ્બ્યુલન્સ ઘટના સ્થળે પહોંચી ગઈ છે. રેલ્વે વાન અને એમ્બ્યુલન્સ પણ આવી રહી છે. મૃત્યુઆંક વધી શકે છે.

આ ટ્રેન અકસ્માત જલગાંવથી લગભગ પચાસ કિલોમીટર દૂર પચુરા તાલુકાના પરધડે રેલ્વે સ્ટેશન પાસે સાંજે ૪ વાગ્યાની આસપાસ થયો હતો. રેલ્વેના એક અધિકારીએ ધ ઈન્ડિયન એક્સપ્રેસને જણાવ્યું કે ભુસાવલના ડીઆરએમ અકસ્માત સ્થળ પર દોડી ગયા છે. ત્યાં મેડિકલ ટીમ પણ મોકલવામાં આવી છે. રેલવે મેડિકલ ટીમ અને રેસ્ક્યુ ટીમ પણ ત્યાં પહોંચી રહી છે. તેમણે કહ્યું કે એવી આશંકા છે કે લગભગ ૩૦-૩૫ મુસાફરો ગભરાઈને ચાલતી ટ્રેનમાંથી કૂદી પડ્યા, જેમાંથી કેટલાક ટ્રેનની અડફેટે આવીને મૃત્યુ પામ્યા.મધ્ય રેલવેના મુખ્ય પ્રવક્તા સ્વપિનલ નીલાએ જણાવ્યું હતું કે પુષ્પક એક્સપ્રેસના કેટલાક મુસાફરો નીચે ઉતર્યા હતા અને સામેથી આવી રહેલી કર્ણાટક એક્સપ્રેસ સાથે અથડાયા હતા. એક વરિષ્ઠ રેલ્વે અધિકારીએ કહ્યું, ''અમારી પ્રારંભિક માહિતી છે કે પુષ્પક એક્સપ્રેસના કોચમાં 'હોટ એક્સલ' અથવા 'બ્રેક બાઈન્ડિંગ'ને કારણે સ્પાર્ક નીકળ્યો હતો અને કેટલાક મુસાફરો ડરી ગયા હતા. તેણે સાંકળ ખેંચી અને કેટલાક પાટા પર કૂદી ગયો. તે જ સમયે નજીકના પાટા પરથી કર્ણાટક એક્સપ્રેસ પસાર થઈ રહી હતી. ગૃહમંત્રી અમિત શાહે ટ્રેન દુર્ઘટના પર શોક વ્યક્ત કર્યો છે. તેમણે કહ્યું કે મહારાષ્ટ્રના જલગાંવમાં થયેલ ટ્રેન દુર્ઘટના અત્યંત દુઃખદ છે. આ સંદર્ભે તેમણે મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ સાથે વાત કરી અને અકસ્માતની માહિતી મેળવી. સ્થાનિક પ્રશાસન ઘાયલોને તમામ શક્ય મદદ કરી રહ્યું છે. હું આ દુર્ઘટનામાં જીવ ગુમાવનારા લોકોના પરિવારો પ્રત્યે મારી ઊંડી સંવેદના વ્યક્ત કરું છું અને ઘાયલોના ઝડપથી સ્વસ્થ થવાની પ્રાર્થના કરું છું. યુપીના સીએમ યોગી આદિત્યનાથે જલગાંવમાં આ ટ્રેન દુર્ઘટના પર દુખ વ્યક્ત કર્યું છે. ઝડ ઈખઘ દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર, ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે પુષ્પક ટ્રેન દુર્ઘટના પર શોક વ્યક્ત કર્યો છે. તેમણે ઘાયલોની સારવારનો આદેશ પણ આપ્યો છે.

### મુસાફરો ગભરાઈને કૂદી પડ્યા

એક રેલવે અધિકારીએ જણાવ્યું હતું કે પુષ્પક એક્સપ્રેસના કોચની અંદર 'હોટ એક્સલ' અથવા 'બ્રેક-બાઈન્ડિંગ' (જામિંગ)ને કારણે સ્પાર્ક ફાટી નીકળ્યો હતો, જેના કારણે કેટલાક મુસાફરોમાં ગભરાટ ફેલાયો હતો. તેઓએ સાંકળ ખેંચી અને તેમાંથી કેટલાક પાટા પર કૂદી પડ્યા. તે જ સમયે બાજુના ટ્રેક પરથી કર્ણાટક એક્સપ્રેસ પસાર થઈ રહી હતી. પ્રવીણ ગેદામે કહ્યું કે જલગાંવના પાલક મંત્રી ગુલાબરાવ પાટીલ અને વરિષ્ઠ અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી રહ્યા છે, ત્યારબાદ વધુ માહિતી ઉપલબ્ધ થશે. નાસિકના ડિવિઝનલ કમિશનર પ્રવીણ ગેડમના જણાવ્યા અનુસાર મૃત્યુઆંક વધી શકે છે. આ અકસ્માતમાં લગભગ ૪૦ લોકો ઘાયલ થયા હોવાના અહેવાલ છે.

### ટ્રેનમાં ચેઈન પુલિંગ થયું

જલગાંવમાં પુષ્પક એક્સપ્રેસની ઘટના પર સેન્ટ્રલ રેલ્વેના સીપીઆરઓ ડો. સ્વાનિલે નિવેદન આપ્યું છે. તેણે જણાવ્યું કે પુષ્પક એક્સપ્રેસ લખનૌથી મુંબઈ આવી રહી હતી. કેટલાક મુસાફરો પાટા પરથી નીચે ઉતરી ગયા હતા. બીજી દિશામાંથી જતી કર્ણાટક એક્સપ્રેસે કેટલાક મુસાફરોને ટક્કર મારી હતી. સીપીઆરઓ અનુસાર, ટ્રેનમાં 'એસીપી' એટલે કે એલાર્મ ચેઈન પુલિંગ થઈ રહી હતી. ચેઈન પુલિંગ શા માટે થયું તે અંગે રેલવે પાસે હજુ સુધી માહિતી નથી. પુષ્પક એક્સપ્રેસ લખનૌથી ચાલે છે અને કાનપુર, ઓરાઈ, ઝાંસી, લલિતપુર, ભોપાલ, હબીબગંજ, ઈટારસી, ખંડવા થઈને ભુસાવલ પહોંચે છે. આ પછી ટ્રેન મનમાડ જંક્શન, નાસિક અને પછી છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ રેલવે સ્ટેશન થઈને કલ્યાણ પહોંચે છે.

### ઘટનામાં મૃત્યુઆંક વધવાની સંભાવના ૪૦થી વધુ ઘાયલ

# રાજ્યનુ બજેટ સત્ર ૨૦મી ફેબ્રુઆરીએ

## માળખાગત સુવિધાઓની સાથોસાથ રાજ્ય વિકાસની હરણફાળ ભરે તે મુદ્દે બનાવાશે અંદાજપત્ર

રાજકોટ, તા. ૨૨

નવા નાણાકીય વર્ષ માટે કેન્દ્ર સરકાર દ્વારા પહેલી ફેબ્રુઆરીના રોજ બજેટ રજૂ કરવામાં આવશે ત્યારે ગુજરાત વિધાનસભા દ્વારા ૨૦મી ફેબ્રુઆરીથી બજેટ સત્ર શરૂ થવા જઈ રહ્યું છે ત્યારે આ બજેટ સત્રમાં અંદાજે સત્યાવરસ જેટલી બેઠકો થાય તેવું પણ હાલ માનવામાં આવી રહ્યું છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ ૨૦ ફેબ્રુઆરીના રોજ રાજ્યના નાણામંત્રી કનુભાઈ દેસાઈ દ્વારા રાજ્યનું બજેટ રજૂ કરવામાં આવશે. બજેટ સત્ર ૧૯ ફેબ્રુઆરીથી શરૂ થશે અને ૨૮ માર્ચના રોજ પૂર્ણ થશે.

પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે પંદરમી ગુજરાત વિધાનસભાના છઠ્ઠા સત્ર વિશે માહિતી આપતા જણાવ્યું હતું કે, ૨૬ દિવસ ચાલનારા બજેટ સત્રમાં પ્રથમ દિવસે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના સંબોધનથી શરૂઆત થશે. નાણા મંત્રી શ્રી કનુભાઈ દેસાઈ સત્રના બીજા દિવસ ૨૦મી ફેબ્રુઆરીએ ગુજરાતનું વર્ષ ૨૦૨૫-૨૬નું બજેટ રજૂ કરશે. પ્રવક્તા મંત્રીએ ઉમેર્યું હતું કે, આ વર્ષે રજૂ કરવામાં આવનાર બજેટ વધુ સુવિધાજનક અને રાજ્યની વિકાસની નવી દિશા આપનારું હશે. વર્ષ ૨૦૨૫ ગુજરાતની પ્રગતિ માટે માઈલ સ્ટોન સાબિત થશે. આ સત્રમાં સરકારી વિધેયકો, બિન સરકારી વિધેયકો, વિનિયોગ વિધેયક રજૂ થશે.

આ ઉપરાંત માંગણીઓ અને પૂરક માંગણીઓ પર ચર્ચા કરવામાં આવશે. બજેટ સત્ર હોવાથી ૨૦મી ફેબ્રુઆરીએ બજેટ રજૂ થશે.

જેમાં વર્ષ- ૨૦૦૯-૨૦૧૦ અને ૨૦૧૦-૨૦૧૧ના વર્ષ માટેના વધારાના ખર્ચના પત્રકોની રજૂઆત, વર્ષ ૨૦૨૪-૨૦૨૫ના વર્ષ માટેના ખર્ચના પૂરક પત્રકની રજૂઆત અને વર્ષ ૨૦૨૫-૨૦૨૬ના વર્ષ માટેના અંદાજપત્રની રજૂઆત કરવામાં આવશે. આ ઉપરાંત, અંદાજપત્ર - બજેટ પર ચર્ચા, સરકારી સંકલ્પો, માંગણીઓ પર ચર્ચાઓ અને સરકારી- બિન સરકારી વિધેયકો પણ રજૂ કરવામાં આવશે. રાજ્યનું નવા વર્ષનું બજેટ મુખ્યત્વે માળખાગત સુવિધાઓ પર નિર્ભર હોય તેવું પણ હાલ સુત્રો જણાવી રહ્યા છે જે માટેની તૈયારીઓને હાલ શરૂ કરી દેવામાં આવી છે. જરૂરી એ છે કે જે બાકી કામો ગત નાણાકીય વર્ષના બજેટમાં રહી ગયા હોય તેને નવા વર્ષના બજેટમાં લેવામાં આવે.

સમગ્ર દેશની વાત કરવામાં આવે તો ગુજરાત અનેકવિધ રીતે આગળ વધી રહ્યું છે ત્યારે આ વર્ષનું જે બજેટ હશે તે અનેકવિધ રીતે ઉદ્યોગકારોને લાભ કરતા હોય તો નવાઈ નહીં કારણકે જે રીતે ગુજરાતમાં ઉદ્યોગને પ્રાધાન્ય મળી રહ્યું છે તે વાતને ધ્યાને લેતા જ નાણામંત્રી દ્વારા ઉદ્યોગકારોને ફાવે અને સામાન્ય વ્યક્તિને કર માંથી રાહત મળે તે મુજબનું બજેટ બનાવે તેવું હાલ અનુમાન.

# અમદાવાદ કસ્ટમ્સે બેંગકોકથી આવેલા યાત્રી પાસેથી ૭ કરોડનું ઝડપ્યું ડ્રગ્સ

## મુસ્તાક ભટ્ટ નામના મુસાફરને કસ્ટમ અધિકારીઓએ શંકાના આધારે પકડ્યો અને ઝડપાયો કૈફી પદાર્થ

રાજકોટ, તા. ૨૨

અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર બેંગકોકથી આવી રહેલા એક મુસાફર પાસેથી ₹૭ કરોડનું ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યું હતું. નોંધનીય છે કે બેંગકોકથી આવતા પ્રવાસીઓ પાસેથી અવારનવાર ડ્રગ્સનું કન્સાઈનમેન્ટ જપ્ત કરવામાં આવે છે, જે એક સંબંધિત પ્રશ્ન ઉઠાવે છે કે શું બેંગકોક ગુજરાતમાં ડ્રગ્સનું સૌથી મોટું સપ્લાયર છે? બેંગકોકથી અમદાવાદ આવેલા મુસ્તાક ભટ્ટ નામના મુસાફરને કસ્ટમ અધિકારીઓએ શંકાના આધારે પકડી લીધો હતો. અધિકારીઓએ તેની પાસેથી ૪.૬૪૫ કિલો હાઈડ્રોપોનિક નીંદણ જપ્ત કર્યું હતું. એવું માનવામાં આવે છે કે આંતરરાષ્ટ્રીય બજારમાં આ નીંદણની કિંમત ૭ કરોડ રૂપિયા છે. ભટ્ટે તેને ભારત લાવતા પહેલા તેના સામાનમાં ડ્રગ્સના ૧૦ પેકેટ વેક્યુમ-સીલ રાખ્યા હતા. અમદાવાદ કસ્ટમને દાણચોરી અંગે બાતમી મળી હતી અને તેના પર ચાંપતી નજર રાખી હતી. ભટ્ટ આવતાની સાથે જ તેમની ધરપકડ કરવામાં આવી હતી. દવાઓના સ્ત્રોત અને ઈચ્છિત પ્રાપ્તકર્તાને શોધવા માટે તેની પૂછપરછ કરવામાં આવશે.નાર્કોટિક્સ રિવોર્ડ પોલિસી દ્વારા ગુજરાત યુવાનોને કેફી દ્રવ્યોની ચુંગાલમાંથી છોડાવવાની અને ડ્રગ્સ પેડલરોને સકંજામાં લેવાની દિશામાં આગળ વધ્યું છે.નાર્કો રિવોર્ડ પોલિસી લોન્ચ કરતી વખતે ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ એવું જણાવ્યું હતુ કે, ડ્રગનું દૂષણ આપણા સમાજને નબળો પાડશે અને યુવાનો તેનાથી દૂર રહે એ જરૂરી છે. ડ્રગ્સ અસ્થાયી રૂપે હાઈ ફીલિંગ આપી શકે છે પરંતુ લાંબા ગાળે તે આપણા શરીરને ભયંકર નુકસાન કરે છે. કોઈ જગ્યાએ ડ્રગ્સ વેચાતું હોય અને એ અંગે યુવાનોને જાણ થાય તો તેમણે પોલીસ અને રાજ્યના ગૃહ વિભાગને માહિતગાર કરવા જોઈએ.

# ૩૪૦૦ કરોડના ટાર્ગેટને પહોંચી વળવા

# રાજકોટ IT હવે અપનાવશે આક્રમક તેવર

## સૌરાષ્ટ્રના મોટા માથા ઉપર તોળાતી તવાઈ : ભૂતકાળના દરોડાની જેમ કોઈ મોટું તીર લાગે તે માટે આવકવેરા વિભાગે શરૂ કરી કામગીરી

### માર્ચ એન્ડિંગ પૂર્વે સર્ચ ઓપરેશન કરવા નિર્દેશો મળ્યા હોવાનું આવ્યું સામે

રાજકોટ તા. ૨૨

કરચોરો પર આકરા પગલા લેવા માટે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર સંયુક્ત રીતે તવાઈ બોલાવવા માટે મહેનત કરી રહી છે એટલું જ નહીં આ માટે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારે સેન્ટ્રલ એજન્સીને પણ સ્પષ્ટ આદેશો કર્યા છે અને જે પણ કરચોરો સામે આવે તો તેના પર પગલાં લેવા માટેના સ્પષ્ટ હુકમ પણ કરવામાં આવ્યા હોવાનું વિવિધ સેન્ટ્રલ એજન્સીના સૂત્રો જણાવી રહ્યા છે. ત્યારે સૌરાષ્ટ્ર કચ્છની જો વાત કરવામાં આવે તો છેલ્લા ઘણા સમયથી રાજકોટ વીંગ દ્વારા એક પણ પ્રકારના સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું નથી જેને લઈને ઘણા ખરા પ્રશ્નો વિભાગ ઉપર ઉઠી રહ્યા છે. ત્યારે સંબંધ વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર આવકવેરા વિભાગ હવે પોતાના આક્રમક તેવર દેખાડશે તેમાં કોઈ શંકાને સ્થાન નથી.

રાજકોટ આવકવેરા વિભાગને કુલ ૩૪૦૦ કરોડ રૂપિયાનો ટાર્ગેટ મળ્યો છે ત્યારે તેની પૂર્તિ કરવા માટે હાલ સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવે તેવું સ્પષ્ટ ચિત્ર આંખે વળગે છે. કારણ કે એ વાત તો સ્પષ્ટ છે કે જે લક્ષ્યાંક આપવામાં આવ્યો છે તે માત્ર ને માત્ર ટેક્સની ભરપાઈ જે સામાન્ય કરદાતાઓ કરતા હોય તે મારફતે પૂર્ણ થાય તેમ નથી ત્યારે જે મોટા માથાઓ છે કે જેવો ખૂબ વ્યાપક પ્રમાણમાં કરચોરી કરતા હોય અથવા તો બેનામી વ્યવહારો કરતા હોય તેમના પર તવાઈ બોલાવવામાં આવે તો જ આંકડો મોટો બહાર આવી શકે અને ટાર્ગેટ પણ પૂર્ણ થાય તેમાં કોઈ શંકા ને સ્થાન નથી. હાલની સાંપ્રત પરિસ્થિતિને ધ્યાને લઈ અને રાજકોટ આવકવેરા વિભાગની પરિસ્થિતિને ધ્યાને લેતા જે વાત સામે આવી રહી છે તેના પર જો ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે તો સૌરાષ્ટ્રના કરચોરો પર હવે ગમે ત્યારે દરોડા પાડવામાં આવી શકે છે.




ત્યારે એ વાત તો સ્પષ્ટ થઈ ચૂકી છે કે આવકવેરા વિભાગ પોતાનો ટાર્ગેટ પૂરો કરવા હવે આક્રમક મૂડમાં આવ્યું છે એટલું જ નહીં આ મુદ્દે અમદાવાદથી પણ ઘણા આદેશો તથા નિર્દેશો મળ્યા છે. જો આ વાત સાચી હોય તો આગામી દિવસોમાં જ સૌરાષ્ટ્રના મોટા માથાઓ પર આવકવેરા વિભાગની તપાસ તોળાઈ રહી છે. છેલ્લા ઘણા સમયથી ગુજરાતમાં આવકવેરા વિભાગ દ્વારા સઘન ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે ત્યારે ચર્ચાએ જે જોર પકડ્યું છે તે મુજબ અમદાવાદ, વડોદરા, સુરત, ગાંધીધામ અને મોરબીમાં સર્ચ ઓપરેશન પૂર્ણ કરી દેવામાં આવ્યું છે. ત્યારે હવે એકમાત્ર રાજકોટમાં જ ઓપરેશન બાકી છે પરંતુ કોઈ નક્કર હિન્ટ અથવા તો કહી શકાય કે લીડ ન મળતા આજ દિન સુધી હજી દરોડા પાડવામાં આવ્યા નથી.

ગઠીયાએ ફોન કરી કહ્યું-તમને પાર્સલમાં ડ્રગ્સ મોકલ્યું છે, જો પાર્સલ તમારૂ ન હોય તો દિલ્હી આવી ફરિયાદ નોંધાવી જાવઃ પછી મની લોન્ડરીંગમાં સામેલ હોવાનું કહી ધમકાવ્યા

# ડિજીટલ એરેસ્ટનો ટ્રીપલ ડોઝઃ શિક્ષક અને બે વૃધ્ધના અડધો કરોડ પડાવ્યા

## બીજા વૃધ્ધને તમે પાંચસો સાડત્રીસ કરોડના મની લોન્ડરીંગમાં સામેલ છો કહીને અને ત્રીજાને તમારા સીમ કાર્ડના ઉપયોગથી પોર્ન વિડીયો અપલોડ થયા છે કહી ડરાવી-ધમકાવી નાણા પડાવાયા

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૨૨**

રાજકોટઃ ડિજીટલ એરેસ્ટ કરી લોકોને છેતરવાના કિસ્સા અટકતા જ નથી. એક ભુલો ત્યાં બીજો કિસ્સો પોલીસ ચોપડે હાજર જ રહે છે. વધુ આવા ત્રણ બનાવો એક જ દિવસમાં નોંધાયા છે. જેમાં શિક્ષકને તમે તાઇવાનમાં અવૈધ સામાન મોકલાવ્યો છે તમારી વિરૂધ્ધ પુરતા પુરાવા છે કેસ થશે, બેંક વેરીફીકેશન ન થાય ત્યાં સુધી જામીન નહિ મળે તમારી તમામ રકમ ટ્રાન્સફર કરો કહી ડિજીટલ એરેસ્ટ કરી નવ લાખ પડાવાયા છે. બીજા બનાવમાં સીબીઆઇ અને મુંબઇ પોલીસના નામે વૃધ્ધને ડિજીટલ એરેસ્ટ કરી પાંચસો સાડત્રીસ કરોડના મની લોન્ડ્રીંગમાં તમે સામેલ છો કહી ડરાવી સાડા પચ્ચીસ લાખ પડાવી લેવાયા છે. ત્રીજા બનાવમાં વેપારીને મુંબઇ પોલીસની ઓળખ આપી તમારા સીમકાર્ડનો ઉપયોગ કરી પોર્ન વિડીયો અપલોડ થયા છે, મની લોન્ડરીંગમાં પણ તમે સામેલ છો કહી ફસાવ્યા હતાં અને પંદર લાખ પડાવ્યા હતાં.

પ્રથમ ફ્રોડની વિગતો પર નજર કરીએ તો પાટનગર ગાંધીનગર શહેરના સેક્ટર ૭માં રહેતા શિક્ષકને ફોન કરીને સાઇબર ગઠિયાઓ દ્વારા તમે તાઈવાનમાં અવૈધ સામાન મોકલાવ્યો છે તેમ કહી ડિજિટલ એરેસ્ટ કરીને નવ લાખ રૂપિયા પડાવી લેવામાં આવ્યા હતા. આ મામલે હાલ ગાંધીનગર સાયબર ક્રાઇમ રેન્જ પોલીસ દ્વારા એફઆઈઆર દાખલ કરાઈ છે. હાલમાં સમગ્ર દેશમાં સાયબર ગઠિયાઓનો ત્રાસ વધ્યો છે અને ખાસ કરીને ડિજિટલ એરેસ્ટ કરી પોલીસ, સીબીઆઈ, એરફોર્સમેન્ટ ડિપાર્ટમેન્ટના નામે વોટ્સએપ વિડીયો કોલ અને વોઇસ કોલ કરીને મહિલાઓ વૃદ્ધોને નિશાન બનાવવામાં આવે છે. કોઈ કેસમાં તમારું નામ ખુલ્યું છે અને ધરપકડ વોરન્ટ ઈસ્યુ થયું છે તેમ કહીને બેંકમાંથી રૂપિયા ટ્રાન્સફર કરાવવામાં આવતા હોય છે ત્યારે આ વખતે ગાંધીનગર શહેરના સેક્ટર ૭માં રહેતા શિક્ષકને નિશાન બનાવવામાં આવ્યા છે.




વધુ માહિતી અનુસાર ગત ઓગસ્ટ મહિનામાં આ શિક્ષકને ફોન આવ્યો હતો અને કહેવામાં આવ્યું હતું કે તમારા આધારકાર્ડના ઉપયોગથી પાર્સલ તાઈવાન મોકલવામાં આવ્યુ છે, તેમા અવૈધ સામાન છે. જેમાં એમઆઇડી ડ્રગ્સ, લેપટોપ, બે પાસપોર્ટ સહિતનો સામાન પકડયો છે. પાર્સલ તમારૂ ના હોય તો દિલ્હી આવી પોલીસ ફરિયાદ નોંધાવી જાઓ અને જો રૂબરૂ આવી ન શકતા હોય તો વિડીયો રેકોર્ડીંગથી ફરિયાદ કરવાનુ જણાવી મને વોટ્સએપ કોલીંગ કરો. જ્યારે વોટ્સએપ કોલ કરતા સામેની વ્યક્તિએ પોલીસનો ડ્રેસ બતાવ્યો હતો. આધારકાર્ડ અને પાસપોર્ટ સાઇઝનો ફોટો મંગાવી અન્ય વ્યક્તિ સાથે વાત કરતા શિક્ષકનુ નામ કોલ મુસ્લીમ સાથે મનીલન્ડરીંગમાં સામેલ છે, તેમ વાતથી કરતો હતો. શિક્ષકના ખાતામાં અઢાર લાખ હોવાનુ કહીને ડરાવ્યા હતાં.

તેમજ ગઠીયાઓએ અમે પુરાવા ઉપર ચાલીએ છીએ, તમારી વિરૂધ્ધમાં અમારી પાસે પુરાવા છે. તમારા બેંક ખાતાનુ વેરીફિકેશન થાય પછી તમને જામીન મળશે, નહિતર તમને અને તમારા પરિવારને ઉઠાવી જઈશુ. તેમ કહી ૯ લાખ રૂપિયા જમા કરાવી છેતરપિંડી કરવામાં આવી હતી. જેના પગલે ગાંધીનગર રેન્જ સાયબર ક્રાઈમ પોલીસે તપાસ આરંભી છે.

બીજા કિસ્સામાંવડોદરામાં ડિજિટલ એરેસ્ટ નો વધુ એક કિસ્સો બહાર આવ્યો છે.

જેમાં ઠગ ટોળકી દ્વારા ફરી એક વાર અંધેરી પોલીસ સ્ટેશન અને સીબીઆઇના નામનો ઉપયોગ કરી સીનીયર સીટીઝન પાસેથી પચ્ચીસ લાખ પચાસ હજાર પડાવ લીધા છે. ફતેગંજ વિસ્તારમાં રહેતા સિનિયર સિટીઝન ભુપેન્દ્રભાઈએ પોલીસને કહ્યું છે કે મને વોટ્સએપ પર અંધેરી પોલીસ સ્ટેશનના નામે કોલ આવ્યો હતો. આ નંબર ઉપર અંધેરી પોલીસ સ્ટેશન નો ફોટો પણ હતો. મને પાંચસો સાડત્રીસ કરોડના માની લોન્ડરીંગ કેસમાં તમારા એકાઉન્ટનો ઉપયોગ થયો છે તેમ કહી ગ્રુપ કોલમાં સીબીઆઈ ના અધિકારી સાથે પણ વાત કરાવવામાં આવી હતી. આ ઉપરાંત મને ટ્રાઈના નામનો એક બોગસ લેટર પણ મોકલવામાં આવ્યો હતો. સિનિયર સિટીઝને કહ્યું કે ઠગ ટોળકીએ ઘરની બહાર સીબીઆઈના માણસો સાદા વેશમાં વોચ રાખી રહ્યા છે તેમ કહી બહાર નહીં નીકળવા અને ડિજિટલ એરેસ્ટ કર્યા હોવાથી દર એક કલાકે રિર્પોટિંગ કરવા કહ્યું હતું.

આ પછી ત્યારબાદ બીજા દિવસે તેમણે મને કહ્યું હતું કે તમારી વાત પરથી તમે નિર્દોષ લાગો છો પરંતુ સીબીઆઈનું એનઓસી ના મળે ત્યાં સુધી તમારે અમે કહીએ તેમ કરવું પડશે. ઠગ લોકોએ મારા બેન્ક એકાઉન્ટની ડીટેલ લીધી હતી અને એચડીએફસી બેન્ક ની એફડી તોડાવી બેંક ઓફ બરોડામાં ટ્રાન્સફર કરાવી હતી. સીબીઆઇ તમારો તમામ ખર્ચ ઉપાડી લેશે અને રકમ પણ સુરક્ષિત રીતે પરત કરી જશે તેમ કહી એક બેન્ક એકાઉન્ટમાં મારી પાસે સાડા પચ્ચીસ લાખની રકમ ટ્રાન્સફર કરાવી લીધી હતી. આ રકમ મને પરત નહીં મળતા મારી સાથે ફ્રોડ થયાનું જણાઈ આવ્યું હતું. જેથી સાયબર સેલમાં પોલીસ ફરિયાદ કરી હતી.

ત્રીજા બનાવમાં કચ્છ રાપરના વેપારીને મુંબઇ પોલીસની ખોટી ઓળખ આપી રૂ.૧૫ લાખ પડાવી લેવાયા હતા. રાપર રહેતા અને ઇલેક્ટ્રિક ચીજ વસ્તુઓનો વેપાર કરતા વિપુલભાઇ દેવજીભાઇ માલીએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યા મુજબ તેઓ પોતાની દુકાનમાં હતા તે દરમિયાન અજાણ્યા ઇસમે પોતે ટેલિકોમ ડિપાર્ટમેન્ટમાંથી રોહિત શર્મા નામ જણાવી ફોન કર્યો હતો અને તમારા નામે એક્ટિવ છે તેના ઉપરથી પોર્ન વિડીયો તથા મેસેજ અપલોડ થયા છે તે અંગે તમને મુંબઇ પોલીસ ફોન કરી સંપર્ક કરશે કહ્યું અને થોડીવારમાં જ હિન્દીભાષીનો ફોન આવ્યો હતો અને મુંબઇ પોલીસમાંથી બોલું છું કહી પોર્ન વિડીયો અપલોડ થયો છે તેની ફરિયાદ ઘાટકોપર પોલીસ મથકે નોંધાઇ છે.

ત્યારબાદ ગઠીયાએ એફઆઇઆરની નકલ વોટ્સએપમાં મુકું છું કહેતા તેમણે મારૂ કોઇ સીમકાર્ડ એક્ટીવ ન હોવાનું કહેતાં તમારા આધાર કાર્ડનો કોઇએ મીસ યુઝ કર્યો છે તમારૂ નામ મની લોંડરિંગમાં સામેલ છે કહી તમારૂ એકાઉન્ટ કેનેરા બેંકમાં છે કહી કેનેરા બેંકનું ડેબિટ કાર્ડ તથા બેંક સ્ટેટમેન્ટ મોકલાવતાં તેમણે પોતાનું કોઇ ખાતું કેનેરાબેંકમાં ન હોવાનું જણાવ્યું હતું. તો મુંબઇ પોલીસની ઓળખ આપનારે તમારા ડોક્યુમેન્ટનો પણ મીસ યુઝ થયો છે અને નરેશ ગોયલ નામના વ્યક્તિ સાથે મની લોન્ડરીંગમાં સામેલ છે કહી તેણે વિડીયો કોલ કરી પોલીસ સ્ટેશન બતાવી તમારૂ બે દિવસ ઇન્વેસ્ટિગેશન કરવું પડશે કહી તેમની બેંક ડીટેઇલ માગી હતી.

ત્યારબાદ તેણે તમારા ખાતામાંથી મની લોન્ડરીંગ થયું હશે તો તમને મુંબઇ બોલાવશું કહી એક ખાતા નંબર આપી આરટીજીએસથી રૂપિયા ચાવંગીયા ડ્રાયફ્રુટના ખાતામાં ૧૫ લાખ જમા કરાવવાનું કહી જો કંઇ નહીં હોય તો આરટીજીએસથી પરત કરી દેવાશે કહેતાં તેમણે ડરી જઇ રકમ જમા કરાવી હતી. તેણે વધુ પૈસા પણ માગ્યા હતા પણ તેમણે પોતાના ભાગીદાર પારસભાઇ મહેતાને વાત કરતાં સાયબર ફ્રોડ થયો હોવાનું કહેતાં પ્રથમ તેમણે સાયબર ક્રાઇમ પોલીસમાં ફરિયાદ દાખલ કરાવી હતી.

# કુવાડવા-સરધાર સ્ટેટ હાઈવેને જોડતા ડીપી રસ્તાના કામને મંજૂર કરતુ રૂડા

## ૧૭૫ મી બોર્ડ બેઠકમાં અનેક વિકાસ કામોને અપાઈ બહાલી

રાજકોટ, તા. ૨૨

મહાનગરપાલિકા ની જેમ શહેરી વિકાસ સત્તા મંડળ ની જવાબદારી પણ ખૂબ વધુ છે ત્યારે રૂડા હસ્તકના વિસ્તારોમાં જે વ્યવસ્થા ઊભી થવી જોઈએ અને જે માળખાગત સુવિધાઓ વિકસાવી જોઈએ તે માટે રૂડા દ્વારા તમામ જરૂરી પગલાઓ લેવામાં આવી રહ્યા છે ત્યારે ગઈકાલે રાજકોટ શહેરી વિકાસ સત્તા મંડળની ૧૭૫ મી બોર્ડ બેઠક મળી હતી જેમાં અનેકવિધ પડતર કામોને મંજૂર કરવામાં આવ્યા હતા એટલું જ નહીં કુવાડવાસ સરદાર રોડ ના ડીપી પ્લાન ને પણ મંજૂર કરવામાં આવ્યો હતો જ્યારે પરા પીપળીયા માટેની જે ટીપી સ્કીમને લઈને દરખાસ્ત મુકવામાં આવી હતી તેને પણ ચેરમેન તુષાર સુમેરાયે બહાલી આપી હતી. હાલ મહત્વનું એ છે કે બજેટ બેઠક માં માળખાગત સુવિધાઓને વધુ વેગ મળે તે માટેના નિર્ણયો અને જોગવાઈઓ હાથ ધરવામાં આવશે ત્યારે આવનારા દિવસોમાં આ અંગે કોઈ નક્કર કામગીરી કરવામાં આવે તેવું પણ રૂડાના સૂત્રોએ જણાવ્યું હતું. મહત્વનું એ છે કે રૂડા કઈ રીતે તેમની આવક વધારે અને આ દિશામાં પણ અંદાજપત્રમાં અનેકવિધ જોગવાઈ કરવામાં આવશે તેમાં કોઈ શંકાને સ્થાન નથી.

રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા ગઈકાલે ૧૭૫મી બોર્ડ બેઠક ચેરમેન તુષાર સુમેરાની અધ્યક્ષતામાં યોજાવામાં આવી હતી. બોર્ડ બેઠકમાં અનેક મુદાઓને બહાલી આપવામાં આવી હતી. જેમાં સત્તામંડળના વિસ્તારમાં સૂચિત કરાયેલ



નગર યોજના નં.૭૬ની નક્કી થયેલ હદમાં સુધારો કરી નવી કૂલ ૨ સૂચિત નગર રચના યોજના નં.૭૬/૧ (પરાપીપળીયા) જેનું ક્ષેત્રફળ ૯૧.૫૦ હેક્ટર અને ૭૬/૨ (પરાપીપળીયા)જેનું ક્ષેત્રફળ ૧૦૦.૬૭ હેક્ટરની હદ નક્કી કરવાની દરખાસ્તને મંજૂરી આપવામાં આવી.

સાથોસાથ સત્તામંડળના વિસ્તારમાં ભવિષ્યની સૂચિત નગર રચના યોજના બનાવવા અને દ્વિતીય પુનરાવર્તીત વિકાસ યોજના બનાવવા માટે ટી.પી./ડી.પી. સેલ/સર્વે યુનિટમાં તદ્દન હંગામી ધોરણે આઉટસોર્સ સ્ટાફની નિમણૂંક કરવાની દરખાસ્તને મંજૂરી આપવામાં આવી. રૂડા હસ્તકના કુવાડવા ગામે (અમદાવાદ નેશનલ હાઈવે) થી કુવાડવા-સરધાર સ્ટેટ હાઈવે (ભાવનગર સ્ટેટહાઈવે)ને જોડતા ૩૦.૦મી. ડી.પી. રસ્તાના બાંધકામને મંજૂરી આપી.

સત્તામંડળ વિસ્તારમાં હોર્ડીંગ્સ બોર્ડ અને કોમ્યુનિકેશન ટાવર લગાવવાનીતિ અમલમાં આવેલ હતી જેના નવા ભાવો બોર્ડ દ્વારા મંજૂર કરવામાં આવ્યા. ચેરમેન તથા મ્યુનિસિપલ કમિશ્નર તુષાર સુમેરા, રિઝીયોનલ કમિશ્નર ઓફ મ્યુનિસિપાલીટી મહેશ જાની, જીલ્લા પંચાયત પ્રમુખ પ્રવિણાબેન રંગાણી, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જયમીન ઠાકર, રૂડાના સી.ઈ.એ. જી.વી.મીયાણી, મુખ્ય નગર નિયોજકના પ્રતિનિધિ તરીકે કે.આર.સુમરા તથા છબ્બઈના સીટી એન્જી. કે.કે.મહેતા હાજર રહેલ હત

# રૂડાની દબાણ દૂર કરવામાં મક્કમ ગતિએ કામગીરી



## છેલ્લા અઢી મહિનામાં ૩૧ જેટલા દબાણ કર્યા દૂરઃ૧૩૮ જેટલી નોટિસની બજવણી

રાજકોટ શહેરી વિકાસ સત્તા મંડળ જિલ્લાની ફરતે વિકાસના કાર્યો કરવામાં ઓછા મેનપાવરે ઝડપભેર ડેવલોપમેન્ટ પૂરું પાડવાના હેતુથી કાર્યરત રહે છે.એ જ રીતે જ્યારે ગેરકાયદેસર દબાણોની સમસ્યાના નિરાકરણ લઈ આવાના સંદર્ભે રાજકોટ રૂડાના ઈઊિઘના નેતૃત્વ હેઠળ રૂડા વિરુદ્ધના ગેરકાયદેસર દબાણોને દૂર કરવા રાજકોટ શહેર વિકાસ સંતા મંડળ મેદાને ઉતર્યું છે.ગેરકાયદેસર દબાણ અને સાખી લેવામાં આવશે નહીં.છેલ્લા અઢી મહિનામાં રૂડાના દબાણ હટાવો વિભાગ દ્વારા ૩૧ જેટલા દબાણોને દૂર કર્યા છે જેમાં કોમર્શિયલ અને રેસીડન્સ બંને પ્રકારે દબાણો દૂર કરવામાં આવ્યા છે વેરાવળ ની બે દુકાનોને દબાણમાં દૂર કરવામાં આવી છે જેમાં એક દુકાન માલિકે કોર્ટના દરવાજા ખખડાવ્યા હતા પરંતુ રૂડાની નક્કર કાગળ કામગીરી અને ખરા પુરાવા સામે અરજદારને ઝુકવું પડ્યું હતું.રૂડાએ કાયદાકીય રીતે લડત આપીને દબાણ દૂર કર્યાનો અલગ દાખલો બેસાડ્યો છે. તદુપરાંત ૧૩૮ જેટલી નોટિસની બજવણી કરવામાં આવી છે ગેર કાયદેસર બાંધકામ દબાણ ઉભા કર્યા હોય તેવા ૧૩૮ જેટલા દબાણકરોને નોટિસ ફટકારી દેવામાં આવી છે. રૂડાની મક્કમગતિએ દબાણ દૂર કરવાની કામગીરી શરૂ છે ગેરકાયદેસર બાંધકામ કરી ખોટા દબાણો ઊભા કરતા લોકો સામે રૂડાએ લાલ આંખ કરી છે.

# વોર્ડ નં.૪ના વોર્ડ ઓફિસનું આજે ઉદયભાઈ કાનગડના હસ્તે ઉદઘાટન

## ૭૩ લાખના ખર્ચે અધ્યતન બિલ્ડીંગ કરાયુ ઊભુ : લોકોને મળી રહેશે તમામ સુવિધાઓ

રાજકોટ, તા. ૨૨

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વોર્ડ નં.૪માં રૂ.૭૩ લાખના ખર્ચે શિવ શક્તિ પાર્ક, જુનો મોરબી રોડ, દયાલ મિલ સામેનો રોડ, દેવલોક પાર્ક સામે, રાજકોટ ખાતે વોર્ડ ઓફિસના નવનિર્મિત બિલ્ડીંગનું લોકાર્પણ આજે વિધાનસભા-૬૮ના ધારાસભ્ય ઉદયભાઈ કાનગડના વરદ હસ્તે કરવામાં આવશે. આ લોકાર્પણ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને મેયર નયનાબેન પેઢડીયા ઉપસ્થિત રહેશે. વોર્ડ ઓફિસની જ્યારે વાત કરવામાં આવે તો છે તે વોર્ડના લોકોને મહાનગરપાલિકા નું કોઈપણ પ્રકારનું કામ હોય તો તેઓ તે વોર્ડ ઓફિસથી જ પૂર્ણ કરી શકે છે ઘણા ખરા કિસ્સામાં તેઓએ મુખ્ય કચેરી એટલે કે સેન્ટ્રલ ઝોન ખાતે આવવું પડતું હોય છે પરંતુ વોર્ડ નંબર ચારમાં ૭૩ લાખના ખર્ચે જે નવું બિલ્ડીંગ ઊભું કરવામાં આવ્યું છે તેનાથી જે અરજદારો છે અને રહેવાસીઓ છે તેને ખૂબ સરળતા રહેશે કારણ કે તેમને ઉદ્ભવતા દરેક પ્રશ્નોનું ત્વરિત નિવારણ અને તેમને ઉદ્ભવતી તકલીફોનું એક જ જગ્યાએથી સોલ્યુશન મળી રહે તે માટે અધ્યતન વોર્ડ ઓફિસ ઉભી કરવામાં આવી છે. જેને આજે ધારાસભ્ય ઉદયભાઇ કાનગઢ દ્વારા ખોલી મૂકવામાં આવશે.

આ લોકાર્પણ કાર્યક્રમમાં ગુજરાત સરકારના કેબિનેટ મંત્રી ભાનુબેન બાબરીયા, રાજકોટના સાંસદ પરસોતમભાઇ



રૂપાલા, રાજ્યસભાના સાંસદ રામભાઇ મોકરીયા, રાજકોટ શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઇ દોશી, ધારાસભ્ય ડો.દર્શિતા શાહ, રમેશભાઇ ટીલાળા, ગુજરાત પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ ડો.ભરતભાઇ બોઘરા, ગુજરાત પ્રદેશ ભાજપ મંત્રી બિનાબેન આચાર્ય, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર, મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, દંડક મનિષભાઈ રાડીયા, શહેર ભાજપ મહામંત્રી અશ્વિનભાઈ મોલીયા, ડો.માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલા, બાંધકામ સમિતિ ચેરમેન ભાવેશભાઈ દેથરીયા, રાજકોટ મહાનગરપાલિકાના કોર્પોરેટરો, સંગઠનના હોદેદારો, રાજકોટ મહાનગરપાલિકા અધિકારીઓ-કર્મચારીઓ ઉપસ્થિત રહેશે. વોર્ડ નં.૪માં નવનિર્મિત વોર્ડ ઓફિસના બિલ્ડીંગનું બાંધકામ ૪૪૧.૮૧ ચો.મી. અને ટોટલ પ્લોટ એરીયા ૧૨૯૦.૭૫ ચો.મી.મા બનાવવામાં આવેલ છે.

આ બિલ્ડીંગમાં ગ્રાઉન્ડ ફ્લોર પર વોર્ડ એન્જીનીયર રૂમ, અઊ/અઅઊ રૂમ, જ્જાંઈ-ઈ રૂમ, જ્જાંઈ-૨ રૂમ, સ્ટોર રૂમ-૧, સ્ટોર રૂમ-૨, ઈલેક્ટ્રીક રૂમ, હેન્ડીકેપ ટોઇલેટ તથા ફર્સ્ટ ફ્લોર પર વોર્ડ ઓફીસર રૂમ, ટેક્સ ઓફીસર રૂમ, મીટીંગ હોલ, કેશ બારી, ટોઇલેટ, સ્ટાફ રૂમ વગેરે જેવી સુવિધા આપવામાં આવેલ છે.

સ્થાનિક પ્રશાસનનો સૌથી મોટો હેતુ અને લક્ષ્ય એ જ છે કે ખુબ સરળ તાથી તમામ કામગીરીઓ થાય અને લોકોને એક પણ પ્રકારની હલાકી કે તકલીફ ભોગવી ન પડે તે માટે હાલ તમામ વ્યવસ્થાઓ ઊભી કરવામાં આવેલી છે અને આ વાતની ગંભીરતાને ધ્યાને લઈને જ નવી વોર્ડ બિલ્ડીંગનું નિર્માણ પણ કરવામાં આવ્યું છે

# એરપોર્ટ સિક્યુરિટી ગ્રુપ દ્વારા ‘પ્રકૃતિ પરીક્ષણ’ અભિયાન

## ૧૩૫ સી.આઇ.એસ.એફ. કર્મયોગીઓની શારીરિક પ્રકૃતિની કરાઈ તપાસ




રાજકોટ તા. ૨૨

એરપોર્ટ સિક્યુરિટી ગ્રુપ રાજકોટ ખાતે ડેપ્યુટી કમાન્ડન્ટ અમનદીપ સિરસ્વાના અધ્યક્ષસ્થાને ’દેશ કા પ્રકૃતિ પરીક્ષણ અભિયાન’ અન્વયે સેના કર્મીઓનું આયુર્વેદિક શરીર વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. ભારત સરકારના આયુષ મંત્રાલય દ્વારા જુડીયે દેશ કે પ્રકૃતિ પરીક્ષણ અભિયાન સે, એક કદમ સ્વસ્થ ભારત કી ઓર થીમ અન્વયે ‘‘દેશ કા પ્રકૃતિ પરીક્ષણ અભિયાન‘‘ શરૂ કરવામાં આવ્યું છે. જે આયુર્વેદને પ્રોત્સાહન આપવા અને વ્યક્તિગત આયુર્વેદિક પ્રકૃતિને સમજવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. જેમાં રાજકોટ ખાતે પંડિત દીનદયાળ ઉપાધ્યાય સરકારી મેડિકલ કોલેજના ડોકટરો દ્વારા ૧૩૫ સી.આઈ.એસ.એફ.ના કર્મયોગીઓની ‘‘પ્રકૃતિ પરીક્ષણ‘‘ એપ્લિકેશનનો ઉપયોગ કરીને તેઓની શારીરિક પ્રકૃતિનું સંપૂર્ણ મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું.

આ તકે પંડિત દીનદયાળ ઉપાધ્યાય સરકારી મેડિકલ કોલેજના મેડિકલ ઓફિસર ડો. રાજેશ ગઢિયા, ડો. મલય પાઠક, ડો. ઈમ્તિયાઝ શેખ, ડો. સમીર ગઢિયા અને ઉર્મિલાબેન ગોરિયા અને અન્ય સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

## વેપાર ધંધામાં રોકાણ કરી પૈસાદાર બનવામાં ખોટુ નથી, પણ લાલચની જાળમાં લપેટાયા તો ગયા સમજો

# શેર બજારથી કમાણી કરવા જતા ત્રણ લોકોએ ગુમાવ્યા બે કરોડ!

### નિવૃત સરકારી કર્મચારી વૃધ્ધે એક્યાસી લાખ પંચોતેર હજાર, ફાયર બ્રિગેડ કર્મચારીએ બાવીસ લાખ અને મહિલાને એક દંપતિએ લગાવ્યો અઠ્યાસી લાખનો ચૂનો

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૨૩**

રાજકોટઃ શેર બજાર કે બીજા કોઇ વેપાર ધંધામાં રોકાણ કરી સાચ્ચા અને સારા રસ્તે કમાણી કરવી તેમાં ખોટુ નથી. આજના યુગમાં બધાને પૈસાદાર થવાની ઈચ્છા હોય છે. પરંતુ આવી ઈચ્છાઓને કારણે કાં તો તેઓ ઘણીવાર ખોટા રસ્તે ચડી જાય છે અને કાં તો લાલચમાં આવીને લાખોની રકમ ગુમાવી બેસે છે. શેર બજારમાં રોકાણ કરી રાતોરાત માલદાર થવાની લાલચોમાં આવી દરરોજ લોકો લાખો કરોડો ગુમાવી રહ્યા છે. આવા વધુ ત્રણ કિસ્સામાં નિવૃત અને હાલમાં નોકરી કરતાં હોય તેવા બે સરકારી કર્મચારીઓ સહિત ત્રણ જણા લપેટાઇ જતાં બે કરોડ ગુમાવી દીધા છે. જેમાં એક કર્મચારી તો રાજકોટ એરપોર્ટ ખાતે ફાયર બ્રિગેડમાં નોકરી કરે છે અને અમદાવાદના રહેવાસી છે. ત્રીજા કિસ્સામાં એક દંપતિએ શેર બજારમાં રોકાણ કરવાથી ફાયદો થશે કહી અઠ્યાસી લાખ ચાંઉ કરી લીધા હતાં.વિગતો પર નજર કરીએ તો છેલ્લા ઘણા સમયથી સાઇબર ક્રાઇમને અંજામ આપીને લોકો સાથે લાખો-કરોડો રૂપિયાની છેતરપિંડી કરવાના કિસ્સા વધી રહ્યા છે. ઘાટલોડિયામાં રહેતા ઓગણસિત્તેર વર્ષીય નિવૃત્ત કર્મચારીને સાઇબર ગઠિયાએ શેરબજારમાં ઓછું રોકાણ કરી વધુ નફો કમાવવાની લાલચ આપી તેમની સાથે રૂપિયા એક્યાસી લાખ પંચોતેર હજારની ઠગાઈ કરી છે. એ જ રીતે રાજકોટ એરપોર્ટ પર ફાયરબ્રિગેડમાં નોકરી કરતા પચાસ વર્ષીય કર્મચારીને શેરબજારમાં રોકાણની લાલચ આપી સાઇબર ક્રિમિનલોએ પચાસ લાખ ઠગી લીધા છે. વધુ વિગતો જોઇએ તો ઘાટલોડિયાના ૬૯ વર્ષીય નિવૃત્ત કર્મચારીને ગઠિયાએ શેરબજારમાં ઓછું રોકાણ કરી વધુ નફો કમાવવાની લાલચ આપી રૂ.૮૧.૭૫ લાખની ઠગાઈ કરી છે.

આ નિવૃત્ત સરકારી કર્મચારીને




વોટ્સએપમાં શેરબજારમાં રોકાણ કરવાનો મેસેજ આવ્યો હતો. મેસેજમાં ઓછા રોકાણની સામે વધુ નફાની લાલચ આપી હતી. વૃદ્ધને ગઠિયાએ વોટ્સએપ ગ્રૂપમાં એડ કરી એક લિંક મોકલી હતી. આ લિંક તેમણે ઓપન કરતા જ એપ ડાઉનલોડ થઇ હતી, જેમાં તેમનું એકાઉન્ટ હતું અને તેમને રોકાણ કરાવી શરૂઆતમાં નફો કરાવ્યો હતો. ત્યાર બાદ તેમને એકાઉન્ટમાં બેલેન્સ, ટ્રેડિંગની વિગતો બતાવાઈ હતી. લાલચમાં આવી ગયેલા વૃદ્ધે ટુકડે-ટુકડે રૂ.૮૧.૭૫ લાખનું રોકાણ કર્યું હતું. જોકે રોકાણના નફા માટે રૂપિયા ઉપાડવાનું જણાવતાં ગઠીયાઓએ તેમની પાસે ૨૦ ટકા રકમની માગ કરી હતી.

બીજી ઘટના જોઇએ તો અમદાવાદ હાંસોલમાં રહેતા અને રાજકોટ એરપોર્ટ પર ફાયર બ્રિગેડમાં નોકરી કરતા પચાસ વર્ષીય કર્મચારીને ઇન્સ્ટ્રાગ્રામ થકી શેરબજારમાં રોકાણની લાલચ આપી રૂ.૨૨ લાખની ઠગાઇ કરતા સાઇબર ક્રાઇમે ગુનો નોંધ્યો છે. પચાસ વર્ષીય કર્મચારીને ઈન્સ્ટાગ્રામમાં શેરબજારમાં રોકાણનો મેસેજ આવ્યો હતો. શેરબજારમાં રોકાણથી નફાની લાલચમાં આવી વોટ્સએપ ગ્રૂપમાં જોડાયા હતા. તેમણે શરૂમાં રૂ. પચાસહજારનું રોકાણ કર્યું હતું, જેની સામે અઠાવન હજાર પરત મળ્યા હતા. ટૂંકાગાળામાં આઠ હજારનો ફાયદો જોતાં વધુ રૂપિયાની લાલચે જુદાં-જુદાં ખાતાંમાંથી ૨૨ લાખ રોક્યા હતા. ગઠિયાએ તેમણે રોકેલા નાણાંને બીજા આઈપીઓના એલોટ પેટે ગણી લઈ, બીજા આઈપીઓનાં નાણાં ભરવાનું કહેતાં કર્મચારીને શંકા ગઈ હતી, જેથી પૈસા ઉપાડવા ગયા, પણ ઉપડી શક્યા ન હતા. ત્યારે છેતરાઇ ગયાની ખબર પડી હતી.ફ્રોડના ત્રીજા કિસ્સામાં નહેરૂનગરની એક મહિલાને શેરબ્રોકર દંપતીએ છેતરી છે. આ દંપતિ સાથે તેણી સંપર્કમાં આવી હતી. ત્યારબાદ શેરબ્રોકરના ત્યાં ડિમેટ એકાઉન્ટ ખોલાવીને લાખો રૂપિયાનું રોકાણ કરાવ્યું હતું. થોડા સમય સુધી મહિલાએ નફા નુકસાનની વિગતો ચેક કરી ત્યારે દંપતીએ શેર ગીરો મૂકીને ૮૮ લાખના સ્ટોકનું વેચાણ કરીને નુકસાન કરાવ્યું હોવાનું સામે આવ્યું હતું, જેથી મહિલાએ આ મામલે નારણપુરા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. નહેરૂનગરમાં રહેતા પ્રીતિ શાહ એક જ્વેલર્સ શોપમાં નોકરી કરતા હતા ત્યારે પરિચિત વ્યક્તિ મારફતે ઇન્વેસ્ટમેન્ટનું કામ કરતા -ણવ શાહનો સંપર્ક થયો હતો. પ્રણવ શાહ નારણપુરામાં તેની પત્ની શૈલીના નામથી ઓફિસ ધરાવે છે. પ્રીતિબેને શેર બ્રોકર શૈલી શાહ અને પ્રણવ શાહે છ માસમાં શેર લે વેચના સોદા કરીને સ્ટોક ગીરો કરીને ૮૮ લાખના સ્ટોક વેચી નુકસાન પહોંચાડ્યું હોવાનો આરોપ મુકતાં પોલીસે તપાસ શરૂ કરી હતી.

## તેતાલીસ વર્ષના યુવાનને માનસિક બિમારી હતી, અઠવાડીયાથી મેલી છાંયામાં આવી ગયાનું પણ લાગતું હતું!

# ઝેર તો પીધા જાણી જાણીઃ અસુરી છાંયાની શંકાથી બાપ-બેટાનું વિષપાન

### કોઠારીયા રોડ કેદારનાથ સોસાયટીના ગેઇટ પાસે બંનેએ ત્રણ પ્રકારની ઝેરી દવા ભેગી કરી ગટગટાવીઃ જો કે તત્કાળ સારવારથી બચ્યો જીવ

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૨૨**

રાજકોટઃ લોકો અલગ અલગ કારણોસર, તકલીફો સામે કે પછી બીજા પ્રશ્નોને લઇને થાકી જાય હારી જાય પછી કંટાળીને ઘણીવાર ટૂંકો રસ્તો એટલે કે મોતનો રસ્તો પકડી લેવા મજબુર થઇ જતાં હોય છે. આ પ્રકારની ઘટનાઓ અવાર-નવાર બનતી રહે છે. વધુ એક આવો કિસ્સો સામે આવ્યો છે જેમાં શહેરમાં રહેતાં એક યુવાને પોતાના વૃધ્ધ પિતા સાથે મળી ત્રણ જુદા જુદા પ્રકારની ઝેરી દવા ભેળી કરીને ગટગટાવી લેતાં બાપ-બેટા બંનેને સારવાર માટે ખસેડાયા હતાં. ત્વરીત સારવારને પગલે બંનેનો જીવ બચી ગયો હતો. યુવાનને વર્ષોથી માનસિક બિમારી હતી તેની દવા તો ચાલુ જ હતી, માથે જતાં અઠવાડીયાથી તેને પોતે મેલી છાંયામાં, અસુરી છાંયામાં આવી ગયાની શંકા થતી હતી આ કારણે કંટાળી જતાં બાપ-બેટાએ સાથે જ મરી જવાનું નક્કી કર્યુ હતું.

આ ઘટનાની વિગતો પર નજર કરીએ તો કોઠારીયા રોડ પર ન્યુ સાગર સોસાયટીમાં રહેતાં યુવાન અને તેના વૃધ્ધ પિતાએ કેદારનાથ સોસાયટીના ગેઇટ પાસે ત્રણ જુદા જુદા પ્રકારની ઝેરી દવા મિકસ કરીને પી લઇ આપઘાતનો પ્રયાસ કરતાં બંનેને સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. તાત્કાલીક સારવાર મળી જતાં અને વધુ દવા પેટમાં ઉતરી ન હોઇ તે કારણે ટુંકી સારવાર બાદ બંનેની હાલત ભયમુક્ત બની જતાં રજા અપાઇ હતી. વધુ માહિતી અનુસાર કોઠારીયા રોડ ન્યુ સાગર સોસાયટી-૧માં રહેતાં તેતાલીસ વર્ષના મયુરભાઇ રજનીકાંત પાટડીયા નામના યુવાન અને તેના પિતા એકોતેર વર્ષના રજનીકાંતભાઇ બ્રીજલાલભાઇ પાટડીયાએ ઘર નજીક ન્યુ કેદારનાથ સોસાયટીના ગેઇટ પાસે



જઇ ઉંદર, માંકડ અને વાંદા મારવાની એમ ત્રણ અલગ અલગ દવા મિક્સ કરીને પી લેતાં બંને રોડ પર પડી ગયા હતાં.

આ વખતે જ ત્યાંથી તેમના કોઇ પડોશી ત્યાંથી પસાર થતાં તેમની પાસેવૃધ્ધ રજનીકાંતભાઇના ફોન નંબર તેમની પાસે હોઇ તેમને જાણ કરી હતી.

તેઓ અલગ રહેતાં હોઇ તુરત જ ઘટના સ્થળે પહોંચ્યા હતાં અને બંનેને સિવિલ હોસ્પિટલમાં ખસેડતાં સઘન સારવાર શરૂ થઇ હતી.બનાવની જાણ સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના આસી. સબ ઇન્સ. રામશીભાઇ વરૂ, હેડકોન્સ. અશ્વિનભાઇ રાઠોડ, કોન્સ. ભાવેશભાઇ મકવાણા, તૌફિકભાઇ જુણાચ અને ધર્મેન્દ્રભાઇ હુદડે કરતાં ભક્તિનગરના હેડકોન્સ. પ્રશાંતસિંહે હોસ્પિટલે પહોંચી નિવેદન નોંધવા તજવીજ કરી હતી. પોલીસ તપાસમાં ખુલ્યુ હતું કે મયુરભાઇને વર્ષોથી માનસિક બિમારી છે અને હાલમાં તે મેલી છાંયા, અસુરી છાંયામાં પણ આવી ગયાની તેને શંકા હતી તેમ સગાએ કહ્યું હતું.

વર્ષોથી દવા ચાલુ હોવા છતાં ફરક પડતો ન હોઇ અને માથે જતાં અસુરી છાંયાને કારણે સાંજ પડતાં હાલત ખરાબ થઇ જતી હોઇ કંટાળી જતાં મયુરભાઇ અને તેના પિતાએ સાથે જ મરી જવાનું નક્કી કર્યુ હતું અને અલગ અલગ ત્રણ પ્રકારની દવા લાવીને તે ભેળી કરીને પી ગયા હતાં. જો કે સારવાર બાદ તબિયત સ્વસ્થ થતાં રજા અપાઇ હતી.

મયુરભાઇને બે બહેન છે. તેના માતા હયાત ન હોઇ પિતા-પુત્ર એકલા રહે છે. ભાઇઓ, બીજા સગાની મદદથી બંનેનું ગુજરાન ચાલે છે. આ બનાવે શહેરમાં ભારે ચકચાર જગાવી છે.

# મહાકુંભમાં યોગી આદિત્યનાથ સાથે કેબિનેટે લગાવી ડુબકી

નવીદિલ્હી, તા. ૨૨

મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે બુધવારે મહાકુંભ નગરમાં તેમના કેબિનેટ સભ્યો સાથે કેબિનેટની બેઠક યોજી હતી. આ બેઠકમાં અનેક મહત્વની દરખાસ્તોને લીલી ઝંડી આપવામાં આવી હતી. કેબિનેટની બેઠક બાદ સીએમ યોગી અને તેમના તમામ ૫૪ મંત્રીઓએ સંગમમાં ડૂ-બકી લગાવી હતી. તમામ મંત્રીઓએ મળીને ગંગ-ાની મધ્યમાં મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ પર જળ વરસ-ાવ્યું હતું. ડૂબકી માર્યા બાદ યોગી સહિત તમામ મંત્રીઓ ખૂબ જ ખુશ દેખાતા હતા.

સંગમના પવિત્ર પ્રવ-ાહમાં સ્નાન કર્યા બાદ સીએમ યોગીએ રાજ્યના લોકોના કલ્યાણ અને વિકાસ માટે આશીર્વાદ લીધા હતા. તેમનું પગલું મહાકુંભની ધાર્મિક ભાવનાને વધુ મજબૂત કરે છે. યોગી આદિત્યનાથ ની અધ્યક્ષતામાં પ્રયાગરાજ ખાતે કેબિનેટ બેઠક પણ મળી હતી જેમાં અનેકવિધ વિકાસ કા-મોને મંજૂર કરવામાં આવ્યા.





## તમામ મંત્રીઓએ ગંગાની મધ્યમાં મુખ્યમંત્રી પર વરસાવ્યું જળ બાદમાં યોજાઈ કેબીનેટ બેઠક

ભારતીય નાગરિક સંરક્ષણ સંહિતા ૨૦૨૩ની કલમ ૨૦ હેઠળ પ્રોસિક્યુશન ડિરેક્ટોરેટની સ્થાપના અંગેના પ્રસ્તાવને મંજૂરી.

પ્રયાગરાજ મ્યુનિસિપલ કોર્પોરેશન, વારાણસી મ્યુનિસિપલ કોર્પોરેશન અને આગ્રા મ્યુનિસિપલ કોર્પોરેશન માટે મ્યુનિસિપલ બોન્ડ જારી કરવા અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ ફંડમાંથી ક્રેડિટ રેટિંગ વધારવા માટે ભંડોળ પૂરું પાડવા માટેની મંજૂરી મેળવવા અંગેની મંજૂરી.

રાજ્યની ૬૨ સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓના અપગ્રેડેશન અને ટાટા ટેક્નોલોજી લિમિટેડ (TTL)ના સહયોગથી ઈનોવેશન, ઈન્વેન્શન, ઈન્ક્યુબેશન એન્ડ ટ્રેનિંગ (CIIIT) માટે ૫ કેન્દ્રોની સ્થાપના અંગેની દર-ખાસ્તને મંજૂરી. ઓટોનોમસ સ્ટેટ મેડિકલ કોલેજ, બલરામપુરની સ્થાપના માટે મેડિકલ એજ્યુકેશન ડિપાર્ટમેન્ટની તરફેણમાં ૧૬૬ પથારીવાળી સરકારી સંયુક્ત હોસ્પિટલ, બલરામપુરને મફતમાં ટ્રાન્સફર કરવાની દરખાસ્ત અને બલરામપુરમાં સ્થપાઈ રહેલા ઊંત્રઋખઞના સેટેલાઇટ સેન્ટરને ઓટોનોમસ સ્ટેટ મેડિકલ કોલેજ, બલરામપુરમાં રૂપાંતરિત કરવાની મંજૂરી .

સ્વામી વિવેકાનંદ યુવા સશક્તિકરણ યોજના હેઠળ મફત સ્માર્ટફોન વિતરણ માટેની યોજના હેઠળ અંતિમ બિડ રેકોર્ડ અંગેની દરખાસ્ત મંજૂર કરવામાં આવી છે. યુપી ઈન્ડસ્ટ્રીયલ ઈન્વેસ્ટમેન્ટ એન્ડ એમ્પ્લોયમેન્ટ પ્રમ-ોશન પોલિસી ૨૦૨૨ હેઠળ રાજ્યમાં મેગા કેટેગરીના ઔદ્યોગિક એકમો માટે વિશેષ સુવિધાઓ અને છૂટછાટોને મંજૂરી આપવા અંગેનો સરકારી આદેશ, ની અધ્યક્ષતામાં રચાયેલી ઉચ્ચ સ્તરીય અધિકૃત સમિતિ (HLEC) ની બેઠકમાં કરાયેલી ભલામણો પર મંજૂરીની દરખાસ્ત મુખ્ય સચિવની મંજૂરી.

ફોરેન ડાયરેક્ટ ઈન્વેસ્ટમેન્ટ (FDI) અને રોકાણ માટે પ્રોત્સાહક નીતિ ૨૦૨૩ માં માન્ય ફ્રન્ટ એન્ડ લેન્ડ સબસિડી જોગવાઈ હેઠળ મેસર્સ અશોક લેલેન્ડ લિમિટેડને ફાળવવામાં આવેલી જમીન માટે ઞઙ્જીઈઉઅને ચૂકવવાપાત્ર સબસિડીની રકમની ચૂકવણીની મંજૂરીના સંદર્ભમાં સત્તા પ્રાપ્ત સમિતિની બેઠક યોજાઈ હતી. ફોર્ચ્યુન ૫૦૦ કંપનીઓની ભલામણ/નિર્ણયની મંજૂરી મેળવવા માટેની દરખાસ્તની મંજૂરી.

# કરાટેમાં કુસ્તી !

## કૌભાંડ હોય કે ન હોય, મુખ્ય ઉદ્દેશ સિદ્ધ થતો નથી...



રાજકોટમાં ધો.૧૨ની છાત્રાને વિધર્મી વેન ડ્રાઈવરે દુષ્કર્મીની ભોગ બનાવી. આવી ઘટનાઓ ધ્રુણાસ્પદ અને રાક્ષસી ગણાય, પણ રાજકોટમાં પ્રચંડ આક્રોશ ઉઠતો નથી એ હકીકત છે. હિન્દુવાદીઓ નિવેદનો પણ કરતા નથી.

મહત્વનો સવાલ એ છે કે આપણા સંતાનો ભોળા અશક્ત કેમ છે? સારી ખરાબ બાબતોને કેમ સમજી શકતા નથી? છાત્રો- છાત્રાઓ અવારનવાર રાક્ષસોના ભોગ બને છે. છતાં કેમ આપણે જાગતા નથી ?

સંતાનો ખાસ કરીને બાળાઓ સક્ષમ બને માટે મહારાણી લક્ષ્મીબાઈ યોજના ચાલે છે, તે અંતર્ગત શાળાઓમાં સ્વરક્ષણનું કોચિંગ આપવામાં આવે છે. આ માટે સરકાર કરોડો રૂપિયા ચૂકવે છે.

બાળાઓને કોચિંગ નો કોન્ટ્રાક્ટ મળ્યો છે, તે સંસ્થા હાલ ખુદના સ્વરક્ષણ માટે ધંધે લાગી છે. કોન્ટ્રાક્ટ લેનાર સંસ્થા સામે અન્ય સંગઠન-સંસ્થાએ ગંભીર આક્ષેપો કર્યા છે. સામસામા આક્ષેપો-ખુલાસા ચાલી રહ્યા છે.


રાજકોટ ના મીડિયાના પાના પર કરાટે બાજો કુસ્તી ખેલતા હોય તેવા ગંદા દ્રશ્યો છવાયા છે. નોંધવા જેવી બાબત એ છે કે, આ ગંભીર વિવાદમાં કાયદેસર કાર્યવાહી થતી નથી. માત્ર ઢિસુમ- ઢિસુમ ચાલે છે. લાગતા-વળગતા તંત્રની પણ બોલતી બંધ છે. લાગે છે કે, ઉપર સુધી કાયદાનું વિતરણ થતું હશે.

ઊંડી તપાસ થવી જોઈએ તેવા વિષયોમાં રસ લેવાતો નથી. સ્વરક્ષણ તાલીમના કોન્ટ્રાક્ટમાં કૌભાંડ હોય કે ન હોય, પરંતુ આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ પાર પડતો નથી એ હકીકત છે.

શાળાઓમાં બાળકોને સ્વરક્ષણ અને તાલીમ અપાતી હશે કે આ અંગેના નાટક થતા હશે, પણ મુખ્ય સવાલ એ છે કે, છાત્રાઓ સ્વરક્ષણ માટે સક્ષમ બને છે? બે પાંચ દાવ કે ટ્રીક શીખવી દેવાથી કે શીખવવાના નાટક કરવાથી બાળાઓ લક્ષ્મીબાઈ બની ન જાય. શરીરથી જ નહીં મન બુદ્ધિ અને ભાવનાત્મકતા થી પણ સક્ષમ બનવું પડે. સ્વરક્ષણ તાલીમ પામેલા પણ આસાનીથી રાક્ષસીવૃતિના ભોગ બનતા રહે એ સાબિતી છે કે, સ્વરક્ષણ તાલીમના નામે નાટક કે ગેરસમજ ચાલે છે. તાલીમ પામેલી બાળાઓ સ્વરક્ષણ માટે સક્ષમ બનતી નથી. તો આવી તાલીમનો મતલબ ખરો?

માત્ર કરાટેના ડ્રેસ પહેરી લેવાથી કે સર્ટિફિકેટ મેળવી લેવાથી કરાટે નો ધંધો થઈ શકે, રક્ષણ આપવા કે કરવા સક્ષમ બની ન શકાય. થોડા આક્ષેપો થાય અને ખુલાસા કરવા આખી ટીમ ના ખુલાસો કરવા આખી ટીમ ધંધે લાગી જાય તે નબળા મનની નિશાની ન ગણાય? આક્ષેપો કરનારા સામે બદનક્ષી નો કેસ પણ થઈ શકે છે.

સમગ્ર મુદ્દો ઊંડી તટસ્થ તપાસનો છે. આ ઉપરાંત બાળાઓ ખરા અર્થમાં સ્વરક્ષણ માટે સક્ષમ બનીને રાક્ષસીવૃતિને ધ્રુજાવે તેવી બનાવવા નવેસરથી વિચારવું જોઈએ. કુસ્તી કરનારા ધંધાદારી કરાટે બાજો પાસે આવી અપેક્ષા ન રખાય.


પુ ભકિત સ્વામીજી (હિન્દુ રાષ્ટ્રહિત રક્ષક )
શ્રી સ્વામિનારાયણ સનાતન આશ્રમ-ખીરસરા


# મધ્યમ વર્ગને અપાશે ટેક્સમાં રાહત : કેજરીવાલ

## આમ આદમી પાર્ટીએ આક્ષેપ કરતા કહ્યું સરકાર તેમની પાસેથી માત્ર પૈસા વસૂલે છે અને સુવિધાઓના નામે તેમના માટે કંઈ નથી

નવીદિલ્હી, તા. ૨૨

આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે બુધવારે 'મધ્યમ વર્ગ'ના અધિકારોને મુદ્દો બનાવીને કેન્દ્ર સરકારને ઘેરવાનો પ્રયાસ કર્યો હતો. તેમણે કહ્યું કે જો દિલ્હીમાં ચોથી વખત અમારી સરકાર બનશે તો અમે મધ્યમ વર્ગને ટેક્સમાં રાહત આપવાનું કામ કરીશું. તેમણે કેન્દ્ર પર મધ્યમ વર્ગને માત્ર એટીએમમાં ફેરવવાનો આરોપ લગાવ્યો. તેમનો કહેવાનો અર્થ એ હતો કે સરકાર તેમની પાસેથી માત્ર પૈસા વસૂલે છે અને સુવિધાઓના નામે તેમના માટે કંઈ નથી. આ રીતે ભારતીય જનતા પાર્ટીના સૌથી મોટા સમર્થક અરવિંદ કેજરીવાલે મધ્યમ વર્ગના દિલ જીતવા માટે એક ફોર્મ્યુલા તૈયાર કરી છે. તે જાણે છે કે જો મધ્યમ વર્ગ આમ આદમી પાર્ટીમાં જોડાશે તો ભાજપને નબળો પાડવો આસાન બની જશે. કેજરીવાલ કહે છે કે આપણા દેશમાં મધ્યમ વર્ગ સૌથી વધુ પરેશાન છે. મધ્યમ વર્ગના લોકોની ૫૦ ટકાથી વધુ આવક ટેક્સ ભરવામાં જાય છે.



અરવિંદ કેજરીવાલે દિલ્હીના લોકો માટે કેન્દ્ર પાસેથી જે સાત માંગણીઓ રજૂ કરી છે તે સામાજિક, આર્થિક અને રાજકીય ત્રણેય દ્રષ્ટિકોણથી ખૂબ જ મહત્વપૂર્ણ છે. મધ્યમ વર્ગ કોઈપણ સમાજની કરોડરજ્જુ છે. આ વર્ગની નબળાઈ એટલે એ સમાજના ઈતિહાસ, ભૂગોળ, સંસ્કૃતિ અને સભ્યતાનો પતન. કોઈપણ દેશ ત્યારે જ મહાન બને છે જ્યારે તેનો મધ્યમ વર્ગ મજબૂત હોય. જ્યારે મધ્યમ વર્ગ રાજકારણ પ્રત્યે ઉદાસીન બને છે ત્યારે તે વધુ ખતરનાક છે. અરવિંદ કેજરીવાલ કેન્દ્ર સમક્ષ જે ૭ માંગણીઓ કરે છે તે આ વર્ગની માંગ ઘણા સમયથી છે.

આવકવેરાની મર્યાદા વધારવાની માંગ ઘણા વર્ષોથી સંતોષાઈ નથી. ખુદ ભાજપના ઘણા નેતાઓએ સ્વાસ્થ્ય વીમામાંથી ટેક્સ હટાવવાની માંગ કરી છે. કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરી જેવા મોટા નેતાઓએ આ અંગે નાણામંત્રીને અપીલ કરી છે. આ હોવા છતાં, કોઈ પ્રાણી સંગ્રહાલય કેન્દ્ર પર કોલ કરતું જોવા મળ્યું ન હતું. મધ્યમ વર્ગ પહેલાથી જ આ બાબતોથી નારાજ છે પરંતુ તેમ છતાં ભાજપને મત આપવાનું ચાલુ રાખે છે. દરરોજ મધ્યમ વર્ગમાંથી અવાજ ઉઠી રહ્યો છે કે અમે આટલો ટેક્સ ભરીએ છીએ પણ અમને સામાજિક સુરક્ષાના નામે કંઈ મળતું નથી.

### અરવિંદ કેજરીવાલની કેન્દ્ર પાસેથી માંગણી

**૧. શિક્ષણનું બજેટ બે ટકાથી વધારીને ૧૦% કરવું જોઈએ. ખાનગી શાળાઓ પર નિયંત્રણ હોવું જોઈએ. ઉચ્ચ શિક્ષણ માટે સબસિડી અને શિષ્યવૃત્તિ આપવી જોઈએ.**

**૨. હેલ્થ બજેટ પણ ઘટાડીને ૧૦% કરવું જોઈએ. આરોગ્ય વીમામાંથી ટેક્સ દૂર કરવો જોઈએ.**


**૩. આવકવેરા મુક્તિ મર્યાદા ૭ લાખ રૂપિયાથી વધારીને ૧૦ લાખ રૂપિયા કરવી જોઈએ.**

**૪. આવશ્યક વસ્તુઓ પર ઋઙ્ગઝ નાબૂદ થવો જોઈએ.**

**૫. વરિષ્ઠ નાગરિકો માટે મજબૂત નિવૃત્તિ યોજનાઓ બનાવવી જોઈએ અને તેમને દેશભરમાં મફત સારવાર પૂરી પાડવી જોઈએ.**

**૬. રેલવેમાં વૃદ્ધોને આપવામાં આવેલી છૂટછાટ ફરીથી લાગુ કરવી જોઈએ.**

**૭. અઅડ સરકારે સમગ્ર દિલ્હીમાં ૨૪ કલાક વીજળીનો પુરવઠો પૂરો પાડ્યો અને મફત વીજળી આપવાનું કામ કર્યું. તમામ સરકારોએ ટેક્સના પૈસાથી મધ્યમ વર્ગને આ રાહત આપવી જોઈએ.**





# હિંસાગ્રસ્ત મણિપુરમાં રાજકારણ ગરમાયું

## જેડીયુના પ્રદેશ અધ્યક્ષ કે બિરેન સિંહને પદ પરથી હટાવાયા

નવીદિલ્હી, તા. ૨૨

હિંસાગ્રસ્ત મણિપુરમાં ભાજપ અને જેડીયુના સમર્થનને લઈને રાજકીય ડ્રામા થયો હતો. સૌથી પહેલા જેડીયુના પ્રદેશ અધ્યક્ષ કે બિરેન સિંહે રાજ્યપાલને પત્ર લખીને રાજ્યની ભાજપ સરકારમાંથી સમર્થન પાછું ખેંચવા કહ્યું હતું. પ્રદેશ પ્રમુખનો પત્ર સામે આવ્યા બાદ ઉંઉઞએ કાર્યવાહી કરી હતી. પાર્ટીએ પ્રદેશ અધ્યક્ષને પદ પરથી હટાવી દીધા. જેડીયુના પ્રદેશ અધ્યક્ષ કે બિરેન સિંહે રાજ્યપાલ અજય કુમાર ભલ્લાને લખેલા પત્રમાં જણાવ્યું છે કે ફેબ્રુઆરી-માર્ચ ૨૦૨૨માં મણિપુર વિધાનસભાની ચૂંટણીમાં છ ઉંઉઞ ઉમેદવારો જીત્યા હતા. થોડા મહિના પછી જેડીયુના પાંચ ધારાસભ્યો ભાજપમાં જોડાયા. પાંચ ધારાસભ્યો સામેનો કેસ ભારતની દસમી સૂચિ હેઠળ સ્પીકર ટ્રિબ્યુનલમાં પેન્ડિંગ છે.

પત્રમાં લખવામાં આવ્યું છે કે ઈન્ડિયા બ્લોકનો હિસ્સો બન્યા બાદ જેડીયુએ ભાજપની આગેવાનીવાળી સરકારમાંથી સમર્થન પાછું ખેંચી લીધું છે. હવે મણિપુરમાં ઉંઉઞના એકમાત્ર ધારાસભ્ય મોહમ્મદ અબ્દુલ નાસિરને વિધાનસભાના છેલ્લા સત્રમાં સ્પીકરે વિપક્ષી બેન્ચ પર બેસાડ્યા હતા. સમર્થન પાછું ખેંચવાની બીરેન સિંહ સરકાર પર કોઈ અસર નહીં થાય. કારણ કે ૬૦ સભ્યોની વિધાનસભામાં ભાજપ પાસે ૩૭ બેઠકો છે અને તેને નાગા પીપલ્સ ફ્રન્ટના પાંચ ધારાસભ્યો અને ત્રણ અપક્ષ ધારાસભ્યોનું સમર્થન પણ છે.

જેડીયુના રાષ્ટ્રીય પ્રવક્તા રાજીવ રંજન પ્રસાદે કહ્યું કે આ ભ્રામક અને પાયાવિહોણું છે. પાર્ટીએ આની નોંધ લીધી છે અને પાર્ટીના મણિપુર એકમના અધ્યક્ષને તેમના પદ પરથી મુક્ત કરવામાં આવ્યા છે. અમે ગઉઅને સમર્થન આપ્યું છે અને મણિપુરમાં ગઉઅ સરકારને અમારું સમર્થન ભવિષ્યમાં પણ ચાલુ રહેશે. મણિપુર એકમનો કેન્દ્રીય નેતૃત્વ સાથે કોઈ સંપર્ક નહોતો. તેમને વિશ્વાસમાં લેવામાં આવ્યા ન હતા. મણિપુર જેડીયુના વડાએ પોતે પત્ર લખ્યો હતો. આને અનુશાસનહીન ગણીને તેમની સામે કાર્યવાહી કરવામાં આવી છે અને તેમને પદ પરથી મુક્ત કરવામાં આવ્યા છે. અમે ગઉઅની સાથે છીએ અને રાજ્ય એકમ મણિપુરના લોકોની સેવા કરવાનું ચાલુ રાખશે અને રાજ્યના વિકાસમાં યોગદાન આપશે.

જેડીયુનું સમર્થન પાછું ખેંચવાથી એન બિરેન સિંહની આગેવાની હેઠળની સરકારના સ્વાસ્થ્ય પર કોઈ અસર થઈ નથી. પરંતુ, આ ભાજપ માટે આઘાતજનક ઘટના બની હશે કારણ કે જેડીયુ બિહાર અને કેન્દ્રમાં તેની મુખ્ય સાથી છે. જેડીયુએ ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણીમાં છ બેઠકો જીતી હતી, પરંતુ પરિણામો જાહેર થયા બાદ તેના પાંચ ધારાસભ્યો પક્ષ બદલીને ભાજપમાં જોડાયા હતા. રાજ્યમાં ભાજપની આગેવાનીવાળી સરકારને કોઈ ખતરો નથી. ૬૦ સભ્યોની મણિપુર વિધાનસભામાં ભાજપના ૩૭ ધારાસભ્યો છે. તેને પાંચ નાગા પીપલ્સ ફ્રન્ટ ધારાસભ્યો અને ત્રણ અપક્ષ ધારાસભ્યોનું સમર્થન પણ છે.

ઉંઉ(ઞ)ના રાષ્ટ્રીય પ્રવક્તા રાજીવ રંજન પ્રસાદે કહ્યું, 'આ ભ્રામક અને પાયાવિહોણું છે. પાર્ટીએ આની નોંધ લીધી છે અને પાર્ટીના મણિપુર એકમના અધ્યક્ષને તેમના પદ પરથી મુક્ત કરવામાં આવ્યા છે. અમે ગઉઅને સમર્થન આપ્યું છે અને મણિપુરમાં ગઉઅ સરકારને અમારું સમર્થન ચાલુ રાખીશું. મણિપુર યુનિટે કેન્દ્રીય નેતૃત્વ સાથે વાતચીત કરી ન હતી, તેમને વિશ્વાસમાં લેવામાં આવ્યા ન હતા. તેમણે (મણિપુર જેડીયુ ચીફ) પોતે પત્ર લખ્યો હતો. આને અનુશાસનહીન ગણીને તેમની સામે કાર્યવાહી કરવામાં આવી છે અને તેમને પદ પરથી મુક્ત કરવામાં આવ્યા છે... અમે ગઉઅ સાથે છીએ અને રાજ્ય એકમ મણિપુરના લોકોની સેવા કરવાનું ચાલુ રાખશે અને રાજ્યના વિકાસમાં યોગદાન આપશે.

# RG કર હોસ્પિટલના આરોપી સંજય રોયને ફાંસીની સજા માટે CBI મેદાને

## પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી સંજય રોયને ફાંસીની સજાની માંગ સાથે હાઈકોર્ટ પહોંચ્યા હતા

નવીદિલ્હી, તા. ૨૨

આરજી કાર હોસ્પિટલમાં તાલીમાર્થી મહિલા ડોક્ટર સાથે બળાત્કાર અને હત્યાના કેસમાં કોર્ટે મુખ્ય આરોપી સંજય રોયને આજીવન કેદની સજા ફટકારી છે. આ પછી હવે સીબીઆઈ સંજય રોય સામે ફાંસીની સજા માટે હાઈકોર્ટમાં અપીલ કરશે. કોલકાતાની સિયાલદહ કોર્ટે શનિવારે સંજય રોયને આ કેસમાં દોષિત ઠેરવ્યો હતો અને સોમવારે સંજય રોયને સજા સંભળાવી હતી. કોર્ટે કહ્યું કે દોષિત સંજય રોયને મૃત્યુ સુધી જેલમાં રહેવું પડશે. આ ઉપરાંત સંજય રોય પર ૫૦ હજાર રૂપિયાનો દંડ પણ ફટકારવામાં આવ્યો છે. ન્યાયાધીશે રાજ્ય સરકારને પીડિત પરિવારને વળતર તરીકે ૧૭ લાખ રૂપિયા ચૂકવવાનો આદેશ પણ આપ્યો છે. આ પહેલા પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી સંજય રોયને ફાંસીની સજાની માંગ સાથે હાઈકોર્ટ પહોંચ્યા હતા. સીબીઆઈએ ટીએમસી ચીફની અપીલનો વિરોધ કર્યો અને કહ્યું કે માત્ર ફરિયાદી એજન્સી જ સજાને પડકારી શકે છે. હાઈકોર્ટ આ કેસની સુનાવણી ૨૭ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ કરશે. ન્યાયાધીશ દેવાંશુ બાસાકની આગેવાની હેઠળની બેંચે કહ્યું કે તે રાજ્ય સરકારની અપીલ સ્વીકારતા પહેલા સીબીઆઈ, પીડિતાના પરિવાર અને દોષિતના વકીલોની દલીલો સાંભળશે. રાજ્યના એડવોકેટ જનરલ કિશોર દત્તાએ દોષિત સંજય રોય માટે મૃત્યુદંડની માગણી કરતી વખતે દાવો કર્યો હતો કે ફરિયાદી એજન્સી, પીડિતાના પરિવાર અને દોષિત સિવાય રાજ્ય પણ સજાની લંબાઈને પડકારી શકે છે.

સીબીઆઈ તરફથી હાજર રહેલા ડેપ્યુટી સોલિસિટર જનરલ રાજદીપ મજુમદારે રાજ્ય સરકારની આ દલીલનો વિરોધ કર્યો અને કહ્યું કે બંગાળ સરકારને નીચલી કોર્ટના આદેશ સામે અપીલ કરવાનો અધિકાર નથી. તેમણે કહ્યું કે સીબીઆઈએ નીચલી કોર્ટને રોયને ફાંસીની સજા આપવા વિનંતી કરી હતી. મુખ્યમંત્રી મમતા બેનર્જીએ સોમવારે આ નિર્ણય પર નારાજગી વ્યક્ત કરી હતી અને કહ્યું હતું કે સરકાર તેને હાઈકોર્ટમાં પડકારશે. આ પછી માત્ર ૨૪ કલાકની અંદર એડવોકેટ જનરલ કિશોર દત્તાએ હાઈકોર્ટમાં અપીલ દાખલ કરવાની પરવાનગી માંગી. આ અપીલ જસ્ટિસ દેબાંગસુ બસાક અને મોહમ્મદ શબ્બર રશીદીની ડિવિઝન બેંચ સમક્ષ રજૂ કરવામાં આવી હતી. ''આધુનિક ન્યાય પ્રણાલીમાં, આપણે 'આંખ માટે આંખ' અથવા 'જીવન માટે જીવન'ની વૃત્તિથી ઉપર આવવું જોઈએ,'' વધારાના જિલ્લા અને સત્ર ન્યાયાધીશ અનિર્બાન દાસે તેમના ચુકાદામાં જણાવ્યું હતું. કોર્ટે દોષિત પર ₹૫૦,૦૦૦નો દંડ પણ ફટકાર્યો છે અને રાજ્ય સરકારને પીડિત ડોક્ટરના પરિવારને ₹૧૭ લાખનું વળતર ચૂકવવાનો આદેશ આપ્યો છે.

શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

# વાંચન વિશેષ

## ધ સાબરમતી રિપોર્ટ! સત્તાની કે રુપિયાની લાલચ માટે ભાઈચારાનાં ભાવનું બલિદાન!



ઘણી બધી વાતોને ભારતીય સમાજના લોકો મહત્વ આપતાં હોય છે, અને એને કારણે એ જાણે બધું જ જાણતાં હોય, એમ ચર્ચા પણ કરતો હોય છે. સોશિયલ મીડિયા પણ અત્યારે તો એટલું પ્રચલિત હોય, કે બોલીવુડના સ્ટારના જીવનમાં ઘટતી ઘટનાઓ વિશે પણ ચર્ચાઓ અને અફવાઓ ચાલતી હોય! ઘર પરિવાર હોય ત્યાં આવું બધું જ હોય, અને અંતે સ્ટાર પણ છે તો માનવી જ! એટલે એની માનસિકતા પણ આપણે ધારીએ એટલી ઊંચી ન પણ હોય. અત્યારે બોલીવુડમાં ત્રણ ફિલ્મોને લઈને ચર્ચાઓ ચાલી રહી છે, ભૂલભૂલૈયા ૩, સ્ત્રી ૨, બે હોરર અને સત્ય ઘટના પર આધારિત ધ સાબરમતી રિપોર્ટ.

સાબરમતી રિપોર્ટ એ ૨૦૨૪ ની ભારતીય હિન્દી-ભાષાની રાજકીય ડ્રામા ફિલ્મ છે, જે અવિનાશ અને અર્જુન દ્વારા લખાયેલી અસીમ અરોરાની વાર્તાને ધીરજ શરણ દ્વારા નિર્દેશિત કરવામાં આવી હતી, આ ફિલ્મનું નિર્માણ બાલાજી મોશન પિક્ચર્સ અને વિકીર ફિલ્મ્સ પ્રોડક્શન દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવ્યું છે, અને તેનું બજેટ ૫૦ કરોડ છે. જોકે દર્શકો એ નબળો પ્રતિસાદ આપ્યો, અને બોક્સ ઓફિસ પર જોઈએ તેટલો ધસારો ન થયો, બાદમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ અપીલ કરી, અને હવે તો કર મુક્ત પણ થયું છે, એટલે ધસારો શરું થયો છે. આ ફિલ્મ ૨૭ ફેબ્રુઆરી ૨૦૦૨ નાં ગોધરા ટ્રેન સળગાવવાની ઘટના પર આધારિત છે, જેમાં સાબરમતી એક્સપ્રેસ ટ્રેન સામેલ છે. તેમાં વિક્રાંત મેસી, રાશી ખન્ના અને રિદ્ધિ ડોગરાની મુખ્ય ભૂમિકા છે.ધ સાબરમતી રિપોર્ટ ૧૫ નવેમ્બર ૨૦૨૪ ના રોજ રિલીઝ થઈ છે.

અયોધ્યામાં રામ મંદિર નિર્માણ માટે મહ યજ્ઞનું કે ધર્મ સભાનું આયોજન થયું હતું, અને તેમાં રામજન્મભૂમિ કે રામમંદિર માટે ગુજરાતમાંથી ગયેલા કાર સેવકો ૨૭ ફેબ્રુઆરીએ પાછા આવી રહ્યા હતાં, ત્યારે ૫૯ જણાં આ હત્યા કાંડમાં માર્યા ગયા એનો અહેવાલ આ ફિલ્મનો મૂળ મુદ્દો છે. એ વખતે ગુજરાતમાં મુખ્યમંત્રી તરીકે નરેન્દ્ર મોદી હતાં અને મોદી પર ચૂંટણી જીત મુદ્દે ઘણાં બધાં આક્ષેપો પણ થયા હતા! આજથી ૨૨ વર્ષ પહેલા ઘટેલી આ ઘટના આપણા સૌના સ્મરણમાં હશે, કારણ કે ગુજરાતમાં છાશવારે થતાં કોમી હુલ્લડો એ પછી થયા નથી! ગુજરાતીઓમાં ત્યારે જે ઝનૂન હતું એ કંઈક ઔર હતું! અને એમ કહી શકાય કે એણે કરારો જવાબ આપ્યો હતો! પણ સમજ્યા વગર એ આ ફિલ્મ જોયા પછી ખબર પડશે.

ફિલ્મમાં સમર સિંહ એટલે કે વિક્રાંત મેસી, અમૃતા ગીલ એટલે રાશિ ખન્ના અને મોનિકા રાજ પૂરોહિત એટલે રિદ્ધિ ડોગરા એ મુખ્ય ભૂમિકા નિભાવી છે. સમર સિંહ એક સીધોસાદો હિન્દી પત્રકાર છે! અને એને પોતાનાં જ દેશમાં હિન્દી કરતાં અંગ્રેજી પત્રકાર ને મળતા માનથી આશ્ચર્ય થતું હતું. એકંદરે જર્નાલિઝમ એક વ્યવસાય બની ગયો છે, અને જ્યાં પ્રજા સુધી સાચા સમચાર પહોંચતાં નથી. દરેક સમાચારને ચર્ચા નો વિષય કેમ બને? અને પોતાની ટીઆરપી કેમ વધે! એ પાર્ટી સાથે સમાચાર દબાવી દેવાનાં કે ઉછાળવાના રુપિયા કમાવા! આ બધું જોઈ દુઃખ પણ થતું હતું. એવામાં મોનિકા પુરોહિત એને સાબરમતી ટ્રેન દુર્ઘટના માટે સ્ટોરી કવર કરવા લઈ જાય છે, અને હકીકત જુદી હોવા છતાં એ ટ્રેનમાં ટિકિટ વગર મુસાફરી કરનાર લોકો એ કાંતો કુક સ્ટવ ચલાવ્યો, અને કાંતો સીગરેટ ફેંકી એને કારણે આ અકસ્માત થયો, અને એમાં ચોખ્ખી રેલ્વે સિક્યોરિટીની બેજવાબદારી દેખાય છે, એમ રિપોર્ટ આપ્યો અને આશ્ચર્યજનક રીતે એને પ્રમાણિત માનવામાં આવ્યું. હિન્દી પ્રત્રકાર સમર સિંહ એ આ વાતનો વિરોધ કર્યો તો એની પર કેમેરા ચોરીનો આરોપ મુકી જેલમાં મોકલી દીધો! પછી પત્રકાર ના જીવનની કરુણતા દેખાડે છે! આટલી મોત પર પોતે કંઈજ ન કરી શક્યાંનું દુઃખ એને વ્યસન તરફ દોરે છે. પછી પોતે ડબીંગને વ્યવસાય બનાવી જીવન વિતાવે છે, અને ત્યાં પાંચ વર્ષે અંગ્રેજી ચેનલ વાળાને નવી સરકાર પાસેથી રૂપિયા કમાવા માટે એ જ દુર્ઘટનાનો રિપોર્ટ કરવાનું થયું અને નવી પત્રકાર અમૃતા સમર ને મળે છે, અને બંને સાચી વાત સુધી પહોંચે છે કે! કે સવારના સાડા સાત વાગ્યે ટ્રેનમાં આટલી ભીડ શું કામ હતી! કુક સ્ટવ કે સિગારેટ થી આટલી મોટી આગ લાગે નહીં! આની પાછળ બહુ મોટું ષડયંત્ર રચાયું છે. ઘટના સ્થળે હાજર લોકોનાં બયાન પરથી સાચાં માસ્ટર માઈન્ડ સુધી પહોંચે છે! જેમાં હકીકત બહાર આવે છે કે ૨૦ ૨૦ લીટર પેટ્રોલના કેટલાય કેન ભરીને નક્કી કરેલી બોગી માં ઢોળવામાં આવે છે અને આગ લાગે છે. યાત્રીઓ બહાર નીકળવા માટે દોડાદોડી કરે છે એક બોગી માં છ ચાર મુખ્ય અને બે બીજી બોગીમાં જવાનું એમ છ એક્ઝીટ હોવા છતાં આ દુર્ઘટના ઘટે છે. એટલે કે કોઈએ બોગીના દ્વાર બહાર થી બંધ કરી દીધાં હતાં. સૌથી વધુ આશ્ચર્ય તો એ હતું કે જે ટોળાને ઉશ્કેરવામાં આવ્યું હતું, એ જાણતું જ નહોતું કે હકીકત શું છે! એક યુવતીને કોઈ ભગાડી ગયું એમ મઝહબ નાં નામ પર આખી ઘટનાને પ્રસારિત કરી દીધી. કે પછી ઉધારી વસુલવા માટેનો આ માર્ગ! ન યાત્રીઓ જાણી શક્યા કે આવું શું કામ! એનાં મનમાં તો એમ જ હતું કે રામ રાષ્ટ્ર માટે બલિદાન માંગે છે! અને સ્ટેશન પર હુમલો કરનારી ભીડ તો એ જાણતી જ નથી કે આ અયોધ્યાથી આવે છે! પ્રજા ક્યાં સુધી આમ પ્યાદું બની રહેશે? અંતે ૨૦૧૭ માં ફરી સમર સિંહ સાચો રિપોર્ટ કરે છે કે આ દુર્ઘટના માં ૨૩ પુરુષ ૧૬ મહિલા અને ૨૦ બાળકો માર્યો ગયા એની ઉંમર અને નામ સાથે જણાવ્યું! અને આમ ઈન્ડિયા નહીં પણ ભારત સામે સચ્ચાઈ આવી! ફરી ભાઈચારાની ભાવના વધી અને હમ હિન્દુસ્તાની...

ફિલ્મમાં ભોળી પ્રજાને હકીકતમાં શું થયું હતું? એ ખ્યાલ જ આવ્યો નહીં, એમ આ અકસ્માત ટ્રેન દુર્ઘટનામાં ખપાવી દીધી. ઓટીટી પરની વેબ સિરીઝ કે ફિલ્મમાં આ વાત ઘણીવાર દેખાડવા આવે છે. હમણાં કાર્તિક આર્યન અને મૃણાલ ઠાકોરની ફિલ્મ ધમાકા જે બિલકુલ આ રીતે ચેનલ વાળા કેવો બિઝનેસ કરે છે, એની પર જ છે. આમ જ ક્યારેક રાજકારણ તો ક્યારેક ચેનલોનાં એસક્યુઝિવ સ્ટોરી માટે થઈને સાચાં સમાચારને તોડી મરોડીને પેશ કરવાનો ટ્રેન્ડ વધતો જાય છે. આપણે ત્યાં બીબીસી ન્યૂઝને પ્રમાણિત માનવામાં આવે છે, હકીકતે બીબીસી ન્યૂઝ એક અંગ્રેજી ચેનલ છે! જોકે ફિલ્મમાં વિક્રાંત કહે છે એમ વાંચકો અને દર્શકો સંવેદના હિન થતાં જાય છે, અને એટલે સમાચાર સાચાં છે કે ખોટાં, એમાં કોઈ પડતું નથી! પણ સત્ય હંમેશા બહાર આવે જ છે, હાં એને સમય લાગે છે! આ દેશની માટીમાં જ એવું કંઈક છે જેમાં ઈમાનદારી પણ વખતોવખત જન્મતી રહે છે, અને આખરે સત્ય સૌની સામે આવે છે! પણ અફસોસ એ વાતનો છે કે એમાં ભોળી જનતાનો ભાઈચારો બલિદાન આપે છે. પણ ક્યાં સુધી? જય હિન્દ.

**લી. ફાલ્ગુની વસાવડા. (ભાવનગર)**

### વર્ગમાં શાંતિ જાળવવા મામલે શરૂ થયેલી ચડભડ અશાંતિમાં પલ્ટાઇ ગઇ અને જામી પડી

# શિક્ષણધામના સંકુલમાં લોહી રેડાયુ: છાત્રની હત્યાનો પ્રયાસ

## અગિયારમા ધોરણના વિદ્યાર્થીને સાથે જ ભણતા વિદ્યાર્થીએ ઝીંકી દીધા છરીના ઘા

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૨૨**

રાજકોટ: નહિ જેવી વાતે લોકો સરાજાહેર બાખડી પડતાં હોય છે અને એક બીજા પર જે હાથમાં એ હથીયારથી તૂટી પડતાં હોય છે. પણ હવેએક ચોંકાનારી ઘટના સામે આવી છે જેમાં સરસ્વતિના ધામમાં વર્ગખંડમાં શાંતિ રાખવા મામલે છાત્રો વચ્ચે ડખ્ખો થતાં એક છાત્રએ બીજા છાત્રને છરીના ઘા મારી દઇ હત્યાનો પ્રયાસ કર્યો હતો. શાંતિ મામલે અશાંતિ સર્જાતા વર્ગખંડમાં ડખ્ખો થયા બાદ બહાર શાળા સંકુલમાં હીચકારો હુમલો થયો હતો. આ ઘટનાને પગલે બીજા છાત્રો પણ ભયભીત થઇ ગયા હતાં. આ ઘટના પાટનગરના દહેગામ વિસ્તારની શાળામાં બની છે. પણ ઘટના એટલી ગંભીર છે કે સૌ કોઇએ ચેતવા જેવુ છે. આજના સમયમાં મોટી ઉમરના અનેક લોકો પોતાના મગજ પર ગરમીનો પારો ચડાવીને રાખતા હોય છે અને વાતે વાતે માથાકુટ કરી લેતાં હોય છે. પરંતુ હવે વિદ્યાર્થીઓ પણ આ રીતે તપી જઇ ગંભીર પ્રકારની ગુનાખોરી આચરવા માંડ્યા છે તે બાબત



ખુબ ગંભીર ગણી શકાય તેવી છે.

ચકચાર જગાવતી આ ઘટનાની વિગતો જોઈએ તો દહેગામ શહેરમાં આવેલી મ્યુનિસિપલ હાઈસ્કૂલમાં ગઈકાલે પરીક્ષા ખંડમાં એક વિદ્યાર્થી એ અન્ય વિદ્યાર્થીને શાંતિ જાળવવાનું કહેતા તેની અદાવત રાખીને હાઈસ્કૂલ બહાર છરીના ઘા મારી હત્યાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. ઘાયલ વિદ્યાર્થીને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યો છે. જ્યાં ફરિયાદના આધારે આરોપી વિદ્યાર્થી સામે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. હાલમાં શાળા કોલેજમાં પણ વિદ્યાર્થીઓ વચ્ચે નાની-નાની તકરાર ઉગ્ર સ્વરૂ ધારણ કરી રહી છે ત્યારે ગાંધીનગર જિલ્લાના દહેગામમાં નજીવી બાબતમાં પરીક્ષાખંડની અંદર બે વિદ્યાર્થીઓ વચ્ચે થયેલી તકરારે ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું છે.

આ બનાવ અંગે પોલીસે જાહેર કરેલી વિગતો અનુસાર દહેગામના હરખજીના મુવાડા ગામમાં રહેતો વિદ્યાર્થી ધોરણ-અગિયારમાં મ્યુનિસિપલ હાઈસ્કૂલમાં અભ્યાસ કરે છે. પરીક્ષા હોવાથી તે ઘરેથી નીકળ્યો હતો. આ દરમિયાન પરીક્ષા ખંડમાં પહોંચ્યા બાદ તેના જ વર્ગમાં અભ્યાસ કરતો અમરાજીના મુવાડા ગામનો વિદ્યાર્થી જોર જોરથી બોલતો હતો. જેના કારણે તેણે શાંત રહેવા માટે કહ્યું હતું. જેના પગલે આ વિદ્યાર્થી ઉશ્કેરાઈ ગયો હતો અને કહ્યું હતું કે પરીક્ષા પછી તું બહાર આવ પછી તને બતાવું છું ત્યારબાદ પરીક્ષા પૂરી થયા બાદ આ વિદ્યાર્થી હાઈ સ્કુલની બહાર નીકળ્યો હતો તે દરમિયાન આ વિદ્યાર્થી દ્વારા તું પરીક્ષા ખંડમાં કેમ બોલતો હતો તેમ કહીને ગાળા ગાળી કરી તેના હાથમાં રહેલી છરી વડે હુમલો કરી દીધો હતો અને ગળાના ભાગે તેમજ ડાબા હાથે છરીના ઘા ઝીંકી દીધા હતા.

આ મારામારીના પગલે આસપાસના લોકો દોડી આવ્યા હતા અને તુરંત જ ઘાયલ વિદ્યાર્થીને સારવાર માટે દહેગામની સરકારી હોસ્પિટલ લઈ ગયા હતા. જ્યાંથી વધુ સારવાર માટે ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. હાલ તેના પિતાની ફરિયાદના આધારે દહેગામ પોલીસ દ્વારા આરોપી વિદ્યાર્થી સામે હત્યાના પ્રયાસનો ગુનો દાખલ કરવામાં આવ્યા હતો. આ ઘટના મામલે પોલીસ વિશેષ તપાસ કરી રહી છે. નહિ જેવી વાતે લોકો તો બાખડી પડતાં હોય છે ત્યારે અહિ વિદ્યાર્થીએ બીજા વિદ્યાર્થીની હત્યાનો પ્રયાસ કરતાં ચકચાર મચી ગઇ હતી.

# મનપા હસ્તકની પ્રાથમિક શાળામાં શાળા સલામતી સપ્તાહની ઉજવણી

### દરરોજ પાંચ શાળાઓમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકોને અલગ-અલગ ફાયર અને પ્રાથમિક સારવાર વિશે અપાઈ છે તાલીમ





રાજકોટ, તા. ૨૨

ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ ગાંધીનગરના ઉપક્રમે શાળા સલામતી સપ્તાહ ૨૦૨૫ અંતર્ગત રાજકોટ શહેરમા સરકારી પ્રાથમિક શાળાઓમા શાળા સલામતી સપ્તાહની ઉજવણી શરૂ કરવામા આવી છે. જેમા કુદરતી તથા માનવ સર્જિત આપત્તિઓ, જોખમો અને બચાવ પ્રયુક્તી અંન્વયે વિદ્યાર્થીઓમા યોગ્ય સમજ કેળવાય તે અંગે જરૂરી માર્ગદર્શન આપવામા આવે છે. આ કાર્યક્રમમાં ફાયર વિભાગમાંથી શાળાના વિદ્યાર્થીઓ તથા શિક્ષકોને ફાયરની તાલીમ તથા ડેમોસ્ટ્રેશન આપવામાં આવે છે તથા ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટીમાંથી પ્રાથમિક સારવાર, સી.પી.આર. વિશે માહિતી તથા તાલીમ આપવામાં આવે છે.જેનો પ્રારંભ તા.૨૦ જાન્યુઆરીના રોજ રાજકોટ મહાનગરપાલિકા હસ્તકની સરકારી પ્રાથમિક શાળાઓમાં શાળા સલામતી સપ્તાહની ઉજવણીનો પ્રારંભ કરવામાં આવેલ છે. આ ઉજવણી તા.૨૫ જાન્યુઆરી સુધી ચાલુ રહેશે જેમાં દરરોજ પાંચ શાળાઓમાં શાળાના બાળકો અને શિક્ષકોઓને અલગ-અલગ ફાયર અને પ્રાથમિક સારવાર વિશે તાલીમ આપવામાં આવશે.

તદુઉપરાંત શાળા સલામતી સપ્તાહ ઉજવણી કાર્યક્રમમા વિવિધ તાલીમો પૈકી ફાયર એન્ડ ઈમરજન્સી વિભાગ દ્વારા શાળામા લગાવવામાં આવેલ ફાયર સીસ્ટમ અને ફાયર સેફ્ટીના સાધનોને આગ લાગે ત્યારે કઇ રીતે ઉપયોગ કરવો, શું કરવું અને શું ન કરવું જોઇએ તેમજ આગ બુઝાવવા માટેની ફાયર સીસ્ટમ અને સાધનો તથા ફાયર એક્સ્ટીંગ્યુસરનો ઉપયોગ કેવી રીતે કરવો,પોતાનો તથા અન્યનો બચાવ કઇ રીતે કરવો તેની માહિતી આપવામા આવે છે. રેડ ક્રોસ સોસાયટી દ્વારા પ્રાથમિક સારવાર અંગે માર્ગદર્શન તથા ડેમો દ્વારા સમજ આપવામા આવે છે. આ બાબતે વધુને વધુ વિદ્યાર્થીઓ અને શિક્ષકો સ્વજાગ્રુત થઇ કોઇપણ અક્સ્માત ન બન્ને તેની કાળજી રાખે તેવો અનુરોધ કરવામા આવે છે.

# કલેક્ટરના અધ્યક્ષ સ્થાને મળી લેન્ડગ્રેબીંગ બેઠક : ૬૨ કેસ પર સુનાવણી

### હાઇકોર્ટના આદેશ બાદ ગઇકાલની બેઠકમાં ૧૨ થી વધુ પક્ષકારોને રૂબરૂ આવ્યા સાંભળવામાં



રાજકોટ, તા. ૨૨

રાજ્ય સરકાર દ્વારા લેન્ડગ્રેબિંગને લઈને જે નવી માર્ગદર્શિકા પ્રસિદ્ધ કરવામાં આવી તેને ધ્યાને લઈ અને તેની અમલવારી કરતા રાજકોટ જિલ્લા કલેક્ટર કચેરી ખાતે ગઈકાલે લેન્ડગ્રેબિંગ બેઠકમાં તેનો અમલ કરવામાં આવ્યો હતો. મળતી માહિતી મુજબ ગઈકાલે જે લેન્ડગ્રેબિંગ ની બેઠક મળી તેમાં ૬૨ કેસ પર સુનાવણી કરવામાં આવી હતી એટલું જ નહીં આ બેઠકમાં બારથી વધુ પક્ષકારોને રૂબરૂ સાંભળવામાં આવ્યા હતા.

ઉલ્લેખનીય છે કે કલેક્ટર કચેરી ખાતે લાંબા સમય બાદ લેન્ડગ્રેબિંગ ની આ બેઠક મળી હતી જેમાં કમિટીના તમામ સદસ્યોએ રૂબરૂ હાજરી આપી હતી.

લેન્ડગ્રેબિંગ ની બેઠકમાં અરજદારોને પૂરતો ન્યાય મળી રહે તે માટે રાજ્ય સરકાર દ્વારા હાઈકોર્ટના આદેશ મુજબની ગાઈડલાઈન અમલી બનાવવામાં આવી હતી અને તેની અમલવારી ગઈકાલથી જ શરૂ કરી દેવામાં આવી છે. ગઈકાલે યોજાયેલી બેઠકમાં કલેક્ટર તંત્ર દ્વારા પ્રથમ વખત ૨ ડઝન જેટલા પક્ષકારોને નોટિસ પાઠવવામાં આવ્યા અને તેઓને રૂબરૂ બોલાવવામાં આવ્યા હતા.

### પત્નિની બેવફાઇ પતિના મોતનું કારણ : માસુમ પુત્રએ પિતા ગુમાવ્યો

# યુવાનને પત્નિના પ્રેમીએ ગળુ કાપી પતાવી દીધો

### તારો છોકરો છે એ તારો નથી મારો છે, તું તારી ઘરવાળીને છુટાછેડા દઇ દે કહીને સાગ્રીતો સાથે મળી સરાજાહેર તૂટી પડી હત્યા કરી

રાજકોટ: સંસારજીવનમાં પતિ-પત્નિ એક બીજા પર વિશ્વાસ, પ્રેમ, સમર્પણ અને ત્યાગની ભાવના રાખીને આગળ વધે તો વાંધો આવતો હોતો નથી. ઘર હોય ત્યાં વાસણ ખખડે એ રીતે અમુક દંપતિ વચ્ચે નાની મોટી વાતે ચડભડ થતી રહે છે. પરંતુ વાત અહિ ખતમ થઈ જતી હોય છે. પણ જો અહિ બેમાથી કોઈ બેવફાઈ પર ઉતરી આવે તો તેનું પરિણામ કલ્પના બહારનું આવતું હોય છે. આવી વધુ એક ઘટના સામે આવી છે જેમાં પત્નિની બેવફાઈને કારણે પતિની હત્યા થઈ છે. પત્નિને બીજા સાથે પ્રેમ થઈ ગયો હતો. આ પ્રેમીએ યુવાનને તું તારી ઘરવાળીને છુટાછેડા આપી દે તેની સાથે મારે લગ્ન કરવા છે તેમ કહી ઝઘડો કરી હત્યા નીપજાવી દીધી હતી. પત્નિના પ્રેમીના હાથે મોત પામનારો યુવાન પરિવારનો આધારસ્તંભ હતો.

લાલબત્તી સમાન આ કિસ્સાની વિગતો પર નજર કરીએ તો અમદાવાદમાં મોડી રાત્રે અસારવા નજીક આવેલા ચમનપુરા ખાતે એક યુવકની ઘાતકી હત્યા થઈ હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. યુવકની હત્યા કરનાર તેની પત્નિનો પ્રેમી હોવાનું હાલ પોલીસ તપાસમાં સામે આવ્યું છે. તારી પત્નિને છૂટાછેડા આપી દે અને આ તારો છોકરો નથી પરંતુ મારો છે તેમ કહીને યુવકના ગળામાં છરીના ઘા મારીને મોતને ઘાટ ઉતારી દીધો હતો. યુવકની હત્યા કરનાર પ્રેમી અને તેના સાગરીતો ચાઈના ગેંગના હોવાની વિગતો ખુલી હતી.પોલીસે જાહેર કર્યુ હતું કે ચમનપુરા વિસ્તારમાં આવેલા તાળાવાળી ચાલી પાસે ગઈકાલે મોડી રાત્રે વિશાલ કિશન પટણી નામના યુવકની ઘાતકી હત્યા કરવામાં આવી છે. કિશનની હત્યા તેની પત્નિના પ્રેમીએ કરી હોવાનું હાલ પોલીસની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે. વિશાલ પટણી નોકરી કરીને ગુજરાન ચલાવતો હતો અને તેના લગ્ન પાલનપુરમાં રહેતી એક યુવતી સાથે થયા હતા. વિશાલ અને યુવતીને એક સંતાનમાં એક દીકરો છે. થોડા સમય પહેલાં વિશાલને ખબર પડી હતી કે, તેની પત્નિને ડેબુ પટણી નામના યુવક સાથે અનૈતિક સંબંધ છે. ડેબુના મામલે વિશાલ અને યુવતી વચ્ચે અવારનવાર બબાલ થતી હતી અને મામલો એટલી હદ સુધી પહોંચ્યો હો કે ડેબુએ વિશાલની હત્યા કરી નાખી હતી. ગઈકાલે તાળાવાળી ચાલી પાસે વિશાલ ઉભો હતો ત્યારે ડેબુ તેના સાગરીત કમલેશ, સમીર સહિતના લોકોને લઈને આવ્યો હતો. ડેબુએ આવતાની સાથે જ વિશાલને કહ્યું હતું કે, તું તારી પત્નિને છૂટાછેડા આપી દે, આ તારો છોકરો નથી પરંતુ મારો છે.

આ પછી વિશાલ અને ડેબુ વચ્ચે બબાલ થઈ હતી અને જોતજોતામાં મામલો એટલો ગંભીર બન્યો કે ડેબુએ વિશાલના ગળામાં તેમજ પેટના ભાગે છરીના ઘા ઝીંકી દીધા હતા. ટ્રાફિકથી ધમધમતા વિસ્તારમાં વિશાલને છરીના ઘા ઝીંકતા માહોલ તંગ બન્યો હતો. ડેબુ સહિતના લોકો નાસી ગયા હતા. જ્યારે વિશાલને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.






### અન્ય એક ઉલ્ટી ગંગા જેવા કિસ્સામાં પત્નિના ત્રાસથી પતિએ વિડીયો બનાવી કરી લીધો આપઘાત

જ્યાં ડોક્ટરોએ તેને મૃત જાહેર કર્યો હતો. વિશાલની હત્યાની જાણ થતા પોલીસે ડેબુ, સમીર અને કમલેશ સહિતના લોકો વિરૂદ્ધ હત્યાનો ગુનો નોંધી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. વહેલી સવારે પોલીસ તેમજ એફએસએલની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને તપાસ શરૂ કરી હતી.

બીજા એક ઉલ્ટી ગંગા જેવા કિસ્સામાં પત્નિના ત્રાસથી પતિએ ગળેફાંસો ખાઈને આપઘાત કરી લીધો હોવાની ઘટના સામે આવી છે. યુવક પત્નિ તેમજ બીજા બે પરિચીત વ્યક્તિના ત્રાસથી આત્મહત્યા કરતો હોવાનો વીડિયો બનાવી પોતાનું જીવન ટુંકાવી દીધું હતું. પરિવાર લગ્ન પ્રસંગમાં ગયો ત્યારે યુવકે ગળાફાંસો ખાધો હતો. ચાંદખેડા વિસ્તારમાં આવેલી આકાશગંગા સોસાયટીમાં રહેતા હરગોવિંદ પરમારે ચાંદખેડા પોલીસ સ્ટેશનમાં પુત્રવધુ કિંજલ, પીન્ટુ મારવાડી અને મીના વિરૂદ્ધ આત્મહત્યાની દુષ્પ્રેરણાની ફરિયાદ નોંધાવી છે. અમદાવાદના ચાંદખેડામાં રહેતા હરગોવિંદભાઈના પુત્ર તેજસે દસ વર્ષ પહેલાં કિંજલ નામની યુવતી સાથે કોર્ટ મેરેજ કર્યા હતા. છેલ્લા નવ મહિનાથી બંને વચ્ચે અણબનાવ બનતા કિંજલ તેની બહેન ગૌરીના ઘરે રહેતી હતી. તેજસ અને કિંજલ ફોન પર વાતચીત કરતા હતા અને બંનેએ એફિડેવિટ પર છૂટાછેડા લીધા હતા. હરગોવિંદભાઈના કુંટુંબમાં લગ્ન પ્રસંગ હોવાથી તેજસે કિંજલને રહેવા માટે ઘરે બોલાવી હતી. ૫ ડિસેમ્બરના રોજ કિંજલ તેજસના ઘરે રહેવા માટે આવી ગઈ હતી. તેજસ સિવાય ઘરના તમામ સભ્યો મેઘાણીનગર ખાતે લગ્ન પ્રસંગમાં ગયા હતા.ત્યારબાદ મોડી રાત્રે તમામ લોકો લગ્ન પ્રસંગથી ઘરે આવ્યા અને ઘરનો દરવાજો ખોલીને જોયું તો તેજસે ગળેફાંસો ખાઈને આત્મહત્યા કરી લીધી હતી. હરગોવિંદભાઈએ બુમાબુમ કરતા આસપાસના લોકો દોડી આવ્યા હતા અને પોલીસને જાણ કરી હતી. તેજસે આત્મહત્યા કરતા પહેલાં એક વીડિયો બનાવ્યો હતો. જેમાં કિંજલ, પીન્ટુ મારવાડી અને મીનાના કારણે આપઘાત કરતા હોવાનો ઉલ્લેખ કર્યો હતો. ત્રણેયે ભેગા થઈને તેજસને માનસિક રીતે હેરાનપરેશાન કરતા હતા. જેના કારણે તેણે આપઘાત કરી લીધો છે. ચાંદખેડા પોલીસે વીડિયોના આધારે આત્મહત્યાની દુષ્પ્રેરણાનો ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી. પહોંચી ગઈ હતી અને તપાસ શરૂ કરી હતી.

**ASIની ફરજ સાથે માનવતાલક્ષી કાર્યમાં પણ અગ્રેસર છે રામશીભાઇ**

# સ્તુત્ય પગલુ: સ્વજનના દેહાવસાન રેલનગરના પરિવાર દ્વારા ચક્ષુ -સ્કીનનું દાન

## રેલનગરના વૃધ્ધનું હૃદય બંધ પડી જતાં મૃત્યુ : હોસ્પિટલ પોલીસ ચોકીના આસી સબ ઇન્સ. વરૂએ સમજાવતાં સ્વજનો મૃતકના અંગોનું દાન કરવા થયા પ્રેરીત



રાજકોટઃ જીવતે જીવ રક્તદાન અને મર્યા પછી ચક્ષુદાન આ સુત્રને નજરે રાખી અનેક એવા જાગૃત પરિવારો હોય છે જે પોતાના સ્વજનનું દેહાવસાન થયા પછી તેમના અંગોનું કે પછી સમગ્ર દેહનું દાન કરતાં હોય છે. તેમના સ્વજન સ્વર્ગે સીધાવ્યા પછી પણ અલગ અલગ અંગો થકી બીજા કોઇ લોકોના શરીરમાં જીવત રહે છે. સિવિલ હોસ્પિટમલાં દેહદાન, ચક્ષુદાન અને હવે તો સ્કીન દાનનું મહત્વ પણ વધ્યું છે. હોસ્પિટલે સતત આ પ્રકારના દાન મળતાં રહે છે. હાલમાં સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીમાં ફરજ બજાવતાં આસી સબ ઇન્સ્પેક્ટર રામશીભાઇ વરૂ પણ આ પ્રકારના દાન કરાવવામાં પોતાની ફરજ બજાવવાની સાથે સાથે જાગૃત બન્યા છે. તેમના પ્રયાસોથી વધુ એક મૃતકના સ્વજનોએ મૃતકના ચક્ષુઓનુ અને ચામડીનું દાન કર્યુ હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર શહેરના રેલનગર ભક્તિ પાર્કમાં રહેતાં છાંસઠ વર્ષના અમૃતભાઇ મોરારજીભાઇ ચૌહાણ નામના વૃધ્ધ ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ નિપજતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો.

હાર્ટએટેક આવી ગયાનું સગાએ જણાવ્યું હતું. બનાવની જાણ હોસ્પિટલ પોલીસ ચોકીના આસી સબ ઇન્સ.રામશીભાઇ વરૂ, હેડકોન્સ. અશ્વિનભાઇ રાઠોડ, તૌફિકભાઇ, ભાવેશભાઇ, ધર્મેન્દ્રભાઇએ કરતાં પ્ર.નગર પોલીસે કાર્યવાહી કરી હતી.

મૃત્યુ પામનાર અગાઉ દરજી કામ કરતાં હતાં. હાલ નિવૃત હતાં.

તેમને સંતાનમાં બે પુત્ર અને બે પુત્રી છે. હોસ્પિટલ ચોકીના એએસઆઇ રામશીભાઇ વરૂએ મૃતકના ચક્ષુ અને ચામડીનું દાન કરાવવા બાબતે તેમના સ્વજનોને સમજાવતાં સ્વજનો ચક્ષુ અને ચામડીનું દાન કરવા તૈયાર થતાં મેડીકલ કોલેજમાં જાણ કરાઇ હતી.

પોતાના સ્વજન ગુમાવી દીધા હોઇ ચૌહાણ પરિવાર માટે દુઃખની ઘડી હતી.

આમ છતાં તેઓ એએસઆઇ વરૂની સમજાવટથી શોકના સમયે પણ જાગૃત બન્યા હતાં અને પોતાના સ્વજનના ચક્ષુઓનું અને સ્કીનનું દાન કરવા તૈયાર થયા હતાં.

આમ કરીને તેમણે બીજા લોકો માટે પણ પ્રેરણા આપી હતી. સદ્દગત અમૃતલાલના સગાએ કહ્યું હતું કે અમારા પરિવારના સ્વજન મૃત્યુ પામ્યા બાદ તેમના કોઇ અંગો બીજા જરૂરીયાતમંદ લોકોને દ્રષ્ટી આપે અને નિર્જીવ થઇ ગયેલી ત્વચાને ફરી જીવંત બનાવવામાં કામ લાગે તો આ અમારા માટે એક સાચી શ્રધ્ધાંજલી ગણાશે. ઉલ્લેખનીય છે કે સિવિલ હોસ્પિટલમાં મૃતકોની ત્વચાના દાન માટે ખાસ સ્કીન બેંક ઉપલબ્ધ છે.

# માલવાહક રિક્ષામાં 'દેશી'ના ફેરા ૨૪૦ લિટર સાથે રઘુ દબોચાયો

**પીસીબીની ટીમે બાતમી આધારે આજીડેમ ચોકડી નજીક માનસરોવર રોડ પરથી પકડયો**




રાજકોટઃ રંગીલા રાજકોટ શહેરમાં હાલમાં દારૂની તંગી પ્રવર્તી રહી છે. પ્યાસીઓ બાટલીઓ શોધવા હડીયાહડી કરી રહ્યા છે. બીજી તરફ દેશી દારૂના ધંધાર્થીઓ પર ધોંસ બોલાવવાનું પણ પોલીસે ચાલુ રાખ્યું છે. શહેરમાં દેશી-વિદેશી દારૂની રેલમછેલ અટકાવવા વધુ એક વખત પીસીબીએ કાર્યવાહી કરી છે. આજીડેમ ચોકડી નજીક માન સરોવર મેઇન રોડ જૈન દેરાસરના ખુણા પાછળ ઓમ મોટર ગેરેજની સામેના રોડ પરથી રૂા. ૨૮ હજારનો ૧૪૦ લિટર દેશી દારૂ ભરેલી કાર્ગો રિક્ષા સાથે પચ્ચીસ વર્ષના રઘુ વજાભાઇ તલસાણીયાને પકડી લીધો છે. રઘુ પચ્ચીસ વર્ષનો છે અને હાલ સરધાર, હરિપર રોડના ક્વાર્ટરમાં રહે છે. તે મુળ ચોટીલાના સણોસરાનો વતની છે. વધુ માહિતી અનુસાર પીસીબીની ટીમે દારૂ તેમજ જીજે૦૩બીએક્સ-૫૨૬૪ નંબરની રિક્ષા મળી ૮૮ હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો છે. પેટ્રોલીંગ દરમિયાન કુલદીપસિંહ, વિજયભાઇ અને યુવરાજસિંહની બાતમી પરથી પીઆઇ એમ. આર. ગોંડલીયાની રાહબરીમાં પીએસઆઇ હુણ, પીએસઆઇ ત્રાજીયા, એએસઆઇ મયુરભાઇ, સંતોષભાઇ, મહિપાલસિંહ, હરદેવસિંહ, હેડકોન્સ. કિરતસિંહ, કરણભાઇ, ઘનશ્યામસિંહ, વિરૂભાઇ, હરદેવસિંહ, રાહુલગીરી, ગીરીરાજસિંહ, કોન્સ. નગીનભાઇ, વાલજીભાઇ, હિરેનભાઇ, દેવરાજભાઇ, વાલાભાઇ, રાહુલગીરી સહિતે કામગીરી કરી હતી. દરરોજ પીસીબી આ રીતે દારૂના ધંધાર્થીઓ પર ધોંસ બોલાવતી હોઇ આ કારણે દેશી-વિદેશી માલ મેળવવામાં પ્યાસીઓને ભારે તકલીફ પડી રહ્યાની ચર્ચા છે.

# દારૂના બે દરોડામાં ૧ બોટલ અને ૯૬ ચપલા સાથે બે ઝડપાયા

## રૂ.૧૬,૪૭૦નો મુદ્દામાલ કબજે કરતી DCB તેમજ પ્ર. નગર પોલીસ



રાજકોટ મિરર, તા.૨૨

શહેરમાં પોલીસે દારૂના ૨ દરોડા પાડી દારૂની એક બોટલ તેમજ ૯૬ ચપલા સાથે રૂ.૧૬,૪૦૦નો મુદ્દામાલ કબજે કરી બંને શક્શ સામે કાર્યવાહી કરી હતી.

પ્રાપ્ત વિગત મુજબ ડી.સી.બી. પોલીસ સ્ટેશનના કોન્સ. અશોકભાઈ સવજીભાઈ ડાંગર હેડ. કોન્સ. રાજેશભાઈ જળુ, દીપકભાઈ ચૌહાણ કોન્સ. પ્રદિપસિંહ જાડેજા પેટ્રોલિંગ દરમિયાન ભક્તિનગર સ્ટેશન પ્લોટ પાસે બાતમી મળી હતી કે દીપ મહેતા નામનો શખ્શ ગોડાઉન મેઈન રોડ અંકિતા બોયસ હોસ્ટેલ સામે જાહેરમાં રોડ ઉપર વિદેશી દારૂના જથ્થા સાથે ઉભો છે. આવી બાતમી મળતા પોલીસે દીપ પ્રકાશભાઈ મહેતા (રહે. કિસ્મતનગર શેરી નંબર એક, બ્લોક નંબર ૧૨, મોદી સ્કૂલની સામે કીડવાઈ નગર ચોક) ને પકડી પડ્યો હતો. પોલીસે શખ્સના હાથમાં રહેલા પ્લાસ્ટિકના છબલામાં તપાસતા વિદેશી દારૂના ચપલા મળ્યા હતા. પોલીસે દારૂના ૯૬ ચપલા સાથે રૂપિયા ૧૬,૩૨૦નો મુદ્દામાલ કબજે કરી કાર્યવાહી હાથ ધરી હતી.

બીજા દરોડામાં પ્ર. નગર પોલીસ સ્ટેશનના કોન્સ. મયુરરાજસિંહ છોટુભા જાડેજા, રિયાઝભાઈ મોહમ્મદભાઈ ભિપોત્રા સહિતનો સ્ટાફ પેટ્રોલિંગ દરમ્યાન રેલ્વે સ્ટેશન રોડ પાસે પહોંચતા બાતમી મળી હતી કે કોઠી કમ્પાઉન્ડ ક્વાર્ટર નંબર ત્રણમાં વિદેશી દારૂની બોટલ રાખેલ છે. આવી બાતમી મળતા પોલીસે પ્રકાશ બાબુભાઈ સારીખડા (રહે. રેસકોસ રીંગરોડ, આદર્શ સોસાયટી શેરી નંબર આઠ) ને પકડી પાડ્યો હતો. પોલીસે તપાસ કરતા દારૂની એક બોટલ જોવા મળી હતી. આ દરમિયાન પોલીસે દારૂની બોટલ સાથે રૂપિયા ૧૫૦ નો મુદ્દામાલ કબજે કરી કાર્યવાહી કરી હતી.

# બીમારીથી કંટાળી બાબુભાઈ સોલંકીનો ગળાફાંસો ખાઈ આપઘાત

## જાગનાથ પ્લોટ વિસ્તારનો બનાવઃ બે સંતાને પિતાની છત્રછાયા ગુમાવતા કલ્પાંત

રાજકોટ તા.૨૨

બીમારીથી કંટાળી બાબુભાઈ સોલંકીએ ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. પગના ગોળાનું ઓપરેશન કર્યા બાદ દુઃખાવો સહન ન થતાં આ પગલું ભર્યું હોવાનું મૃતકના પરિવારજને જણાવ્યું હતું. બનાવ અંગે તેના પરિવારમાં ગમગીની છવાઈ ગઈ છે.

બનાવની પ્રાપ્ત વિગતો મુજબ જૂનું જાગનાથ પ્લોટ જૈન દેરાસરની પાછળ ક્વાર્ટર્સમાં રહેતા બાબુભાઈ તુલસીભાઈ સોલંકી (ઉ.વ.૪૦) નામના યુવાને ગઈકાલ બપોરના પોતાના ઘરે ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. બનાવની જાણ પરિવારને થતાં તુરંત ૧૦૮ ને જાણ કરી હતી. ૧૦૮ ની ટીમ બનાવ સ્થળે પહોંચી યુવાનને જોઈ તપાસી મૃત જાહેર કર્યો હતો.

આપઘાત કરનાર યુવાનના પરિવારજને જણાવ્યું હતું કે બાબુભાઈને પગના ગોળામાં તકલીફ હોય જેથી પગનાં ગોળાનું ઓપરેશન કર્યું હતું. જેની દુઃખાવો સહન ન થતાં કંટાળી આ પગલું ભર્યું હોવાનું જાણવા મળેલ છે. તેને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે. બનાવ અંગે પ્રદ્યુમ્નનગર પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# લોધિકાના રાવકી ગામમાં જુગાર રમતા કમઢીયાના ધવલ ભુવાજી સહીત સાત ઝડપાયા

## રૂ.૧૬,૩૫,૦૦૦નો મુદ્દામાલ કબજે કરતી એલ.સી.બી.



રાજકોટ તા.૨૨

લોધીકા તાલુકાના રાવકી ગામની સીમમાં સાપરના માર્ગે આવેલ ખેતીવાડી માં ચાલતા જુગાર પર એલ.સી.બી.ની ટીમ ત્રાટકી હતી અને સાત શખ્સોને દબોચી રૂ.૧૬,૩૫,૦૦૦ રોકડ જપ્ત કરી હતી.

પ્રાપ્ત વિગત મુજબ એલ.સી.બી. પોલીસને લોધીકા તાલુકાના રાવકી ગામની સીમમાં સાપરના માર્ગે આવેલ ખેતીવાડી માં બહારથી માણસો બોલાવી જુગાર રમાડતા હોવાની બાતમી પરથી પોલીસે દરોડો પાડતા જેમાં પોલીસે સૌરાષ્ટ્રમાં જાણીતા કમઢીયાના ભુવાજી તરીકે ઓળખાતા ધવલ ગેડીયા સહિતના સાત શખ્સોને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

જેમાં ખોડાભાઈ ઉર્ફે ખોડીદાસ બાબુભાઈ ફાચરા (રહે. રાવકી ગામ,તા.લોધીકા), ધવલ ઘુસાભાઇ સખીયા (રહે. સાધુ વાસવાની રોડ,આસોપાલવ પાર્ક, અતુલ્યમ ગોલ્ડ), ભૂપેન્દ્રસિંહ ઉર્ફે રવુભા ભોજુભા જાડેજા (રહે. ગામ રાવકી,તા. લોધીકા), દિનેશ પુનાભાઈ પાનસુરીયા (રહે. મંગલમ પાર્ક,મવડી ગામ મૂળ ગામ રાવકી, તા. લોધીકા), ગૌતમ વિનુભાઈ લંગાળીયા (રહે. ઉમિયા ચોક, રાધે હોટલ જલજીત મંદિર ની બાજુમાં, મુળ ગામ. ગઢળીયા.તા. બોટાદ), ધવલ મનજી ગેડીયા (રહે. શ્રી પેલેસ બાપા સીતારામ ચોક, રાજકોટ મૂળ ગામ. કમઢીયા તા. ગોંડલ), કાનજી કાળુભાઈ બાંભવા (રહે. રૈયા ગામ) નો સમાવેશ હોવાનું પોલીસે જણાવ્યું હતું. આ દરમિયાન લોધિકા પોલીસે ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી કરી હતી.

**કોલેજ કાળમાં મુલાકાત થઇ અને પછી પ્રેમ થયોઃ લગ્નના વાયદા થયા છેલ્લે રસ્તા નોખા થયા**

# ઇશ્કમાં દગાખોરીઃ યુવતિએ પ્રેમીની ઓફિસે વખ ઘોળ્યુ

## ઓમનગર સર્કલ પાસેની ઘટનાઃ અગિયાર વર્ષ સુધી પ્રેમ કર્યા બાદ પ્રેમીએ બીજે સગાઇ કરી લેતાં યુવતિનું દિલ તૂટી ગયું

રાજકોટઃ અઢી અક્ષરના પ્રેમમાં કઇ કેટલાય બરબાદ થઇ ગયા છે. પ્રેમની કહાનીમાં ઘણીવાર એવા વળાંકો આવતાં હોય છે જેના કારણે પ્રેમી અથવા પ્રેમીકા અવળા પગલા ભરતાં હોય છે. પ્રેમમાં દગાખોરીનો ભોગ બનતાં આપઘાતના પ્રયાસની વધુ એક ઘટના બની છે. જેમાં પ્રેમીની બેવફાઇને કારણે દુઃખી થઇ ગયેલી યુવતિએ પ્રેમીની ઓફિસ પાસે જઇ ઝેરના પારખા કરી લેતાં હોસ્પિટલના બિછાને પહોંચવાની વેળા આવી હતી.

દર્દભરી આ ઘટનાની વિગતો પર નજર કરીએ તો શહેરમાં રહેતી ઓગણત્રીસ વર્ષની યુવતિની સતત અગીયાર વર્ષ ચાલેલી પ્રેમ કહાનીમાં કરૂણ વળાંક આવ્યો હતો. આ કારણે તે ઝેર પીવા મજબૂર થઇ હતી. યુવતિએ ઓમનગર નજીક આવેલી પ્રેમીની ઓફિસે જઇ ઝેરી ટીકડીઓ પી લેતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. આ બનાવની જાણ સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના આસી સબ ઇન્સ. રામશીભાઇ વરૂ, અશ્વિનભાઇ સહિતના સ્ટાફ દ્વારા માલવીયાનગર પોલીસને કરવામાં આવી હતી. ભાનમાં આવેલી યુવતિએ જણાવ્યું હતું કે હું કોલેજમાં ભણતી હતી ત્યારે એટલે કે આજથી અગિયાર વર્ષ પહેલા ફનફેર હતો તેમાં મારી મુલાકાત એક યુવાન સાથે થઇ હતી.



તે કન્સ્ટ્રક્શનના કામ સાથે જોડાયેલો હતો. અમારી આ મુલાકાત આગળ જતાં પ્રેમમાં પરીણમી હતી.

હું તેની સાથે લગ્ન કરવા ઇચ્છતી હતી અને તે પણ મારી સાથે લગ્ન કરશે તેવુ કહેતો હતો. યુવતિએ આગળ કહ્યું હતું કે અમારી વચ્ચે અગિયાર વર્ષ સુધી પ્રેમ ચાલ્યો હતો. આ દરમિયાન પ્રેમી યુવાન એક યુવતિ સાથે મુલાકાત કરાવતો હતો.

જે તે વખતે હું તેને આ યુવતિ વિશે પુછતી તો તે કહેતો કે આ યુવતિ તેના સગાની દિકરી છે અને પોતાની બહેન છે તેમ કહેતો હતો. પણ હવે આજથી બે મહિના પહેલા તેણે આ યુવતિ સાથે જ સગાઇ કરી લીધી છે. તેણે બારોબાર સગાઇ કરી લીધાની જાણ પણ મને કરી નહોતી. પંદરેક દિવસ પહેલા મને ખબર પડતાં હું આઘાતમાં મુકાઇ ગઇ હતી.

સાંજે પોતાનો મગજ ભમતો હતો એ દરમિયાન પ્રેમી તેની ઓફિસે હોવાની જાણ થતાં પોતે ઘઉમાં રાખવાની ટીકડીઓ લઇને ત્યાં પહોંચી હતી અને શા માટે દગાખોરી કરી તેવુ પુછ્યા બાદ પોતે ઝેરી ટીકડીઓ પી ગઇ હતી. યુવતિનું નિવેદન નોંધવા પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી.

# યુવાને તળાવના કાંઠે અકળ કારણે ઉંદર મારવાની દવા પી દુનિયા છોડી દીધી

## એક યુવાને દારૂ પી ખેલ કર્યા, પત્નિએ પોલીસ બોલાવતાં બાથરૂમમાં જઇ સેનેટાઇઝર પી ગયોઃ સારવારને લીધે જીવ બચી ગયોઃ બેભાન હાલતમાં યુવાનનો જીવ ગયો

રાજકોટઃ અલગ અલગ કારણોસર આપઘાત કે આપઘાતના પ્રયાસની ઘટનાઓ બનતી રહે છે. વધુ એક કિસ્સામાં એક પરિવારે આધારસ્તંભ ગુમાવ્યો હતો. હળવદમાં રહેતાં આધેડે ગામના તળાવ નજીક ઝેરી દવા પી આપઘાત કરી લેતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઇ હતી.

ઘટનાની વિગતો જોઇએ તો હળવદના સોનીવાડમાં રહેતાં ચુમાલીસ વર્ષના નરેન્દ્રગીરી રમણિકગીરી ગોસાઇએ ગત અઢારમીએ બપોરે ત્રણેક વાગ્યે ગામના કલેશ્વર મંદિર નજીક તળાવના કાંઠે ઉંદર મારવાની દવા પી લેતાં મોરબી ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતાં. ત્યાંથી વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયા હતાં. પરંતુ અહિ સારવાર દરમિયાન મૃત્યુ થતાં સ્વજનોમાં ગમગીની છવાઇ ગઇ હતી. બનાવની જાણ સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના આસી. સબ ઇન્સ. રામશીભાઇ વરૂ, અશ્વિનભાઇ રાઠોડ, તૌફિકભાઇ જુણાચ, ભાવેશભાઇ મકવાણા અને ધર્મેન્દ્રભાઇ હુદડે હળવદ પોલીસને જાણ કરી હતી. આત્મહત્યા કરનારા નરેન્દ્રગીરી છુટક કામ કરતાં હતાં. તે બે ભાઇ અને ચાર બહેનમાં વચેટ હતાં. તેમને બે સંતાન છે. આપઘાતનું કારણ બહાર ન આવતાં પોલીસે તપાસ યથાવત રાખી હતી.



બીજી એક ઘટનામાં રાજકોટના રેલનગર શેરી નંબર ચારમાં રાધીકા ડેરીની સામે રહેતાં યુવાને સેનેટાઇઝર પીવાનો ખેલ કરતાં ભારે પડી ગયું હતું. તેત્રીસ વર્ષના સવજીભાઇ જેન્તીભાઇ સિતાપરા નામના યુવાને રાતે દસેક વાગ્યે સેનેટાઇઝર પી લેતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે પ્રધ્યુમનનગર પોલીસમાં નોંધ કરાવી હતી. સવજીભાઇ રિક્ષા હંકારી ગુજરાન ચલાવે છે. સંતાનમાં બે પુત્રી છે. પત્નિ ગીતાબેને કહ્યું હતું કે- પતિ સવજીને દારૂ પીવાની આદત છે. રાતે દારૂ પી ઘરે આવી ખેલ ચાલુ કર્યા હતાં. તેને શાંત રહેવાનું કહેવા છતાં ન સમજતાં મેં પોલીસને ફોન કરી પોલીસ બોલાવતાં તે ડરીને બાથરૂમમાં જતો રહેલ અને ત્યાં સેનેટાઇઝરની બોટલ પડી હોઇ તેમાંથી એકાદ બે ઘૂંટડા પી લીધુ હતું. સારવાર બાદ રાતે જ રજા આપી દેવામાં આવી હતી. દારૂ પી ખેલ કર્યા પછી સવજીએ પોલીસના ડરથી સેનેટાઇઝર પીવાનો ખેલ કરતાં મોંઘુ પડી ગયું હતું. સદ્દનસિબે સારવાર બાદ તબિયત સ્વસ્થ થતાં રજા અપાઇ હતી.

અન્ય એક બનાવમાં કોઠારીયા રોડ મેહુલનગર-૧૫માં રહેતો છત્રીસ વર્ષનો રેનીલભાઇ જગદીશભાઇ રાણપરા નામનો યુવાન રાતે ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયેલ. પરંતુ અહિ તબિબે નિષ્પ્રાણ જાહેર કરતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. મૃત્યુ પામનાર રેનીલભાઇ અગાઉ પ્રાઇવેટ નોકરી કરતો હતો. તે બે ભાઇમાં મોટો અને અપરિણીત હતો. હાલમાં કેન્સરની બિમારી લાગુ પડી હોઇ કામ કરી શકતો નહોતો. રાતે બેભાન થઇ ગયા બાદ મૃત્યુ થતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે ભક્તિનગર પોલીસને જાણ કરી હતી. બિમારીથી મૃત્યુ થયાનું ખુલતાં પોલીસે પોસ્ટમોર્ટમ કરાવી જરૂરી કાર્યવાહી કરી હતી.

# ધોરાજીના છત્રાસા ગામમાં રૂ.૩.૭૦ કરોડની જમીન પર દબાણ દૂર






રાજકોટ તા.૨૨

રાજ્ય સરકારના આદેશ બાદ સમગ્ર રાજ્યમાં હાલ ડિમોલિશનની કામગીરી પૂરપાટ ચાલી રહી છે ત્યારે મહત્વનું એ છે કે રાજકોટ જિલ્લામાં પણ કલેકટરના વડપણ હેઠળ હાલ ડિમોલિશન ની કામગીરી ચાલુ કરવામાં આવી છે ત્યારે ગઈકાલે ધોરાજીના છત્રાસા ગામમાં ગેરકાયદે બાંધકામો પર બુલડોઝર ફેરવવામાં આવ્યું હતું ત્યારે પ્રાંત અધિકારીઓની સાથોસાથ નાયબ મામલતદારોને પણ જિલ્લા કલેકટર દ્વારા તાકીદ કરવામાં આવી છે કે આ પ્રકારના જે દબાણ હોય તેના પર બુલડોઝર ફેરવવામાં આવે અને એક પણ ઠેકાણું એવું ન હોય કે જ્યાં ગેરકાયદે બાંધકામો હોય અને તેને દૂર ન કરવામાં આવે. હાલ જે ગતિથી રાજકોટ કલેકટર વિભાગ કામગીરી કરી રહ્યું છે તેની પાછળનું સૌથી મોટું કારણ એ છે કે અત્યારે જિલ્લા કલેકટર પાસે ખૂબ મોટા કહી શકાય કે આંકડાઓ અને વિગતો બહાર આવી છે જેની ગંભીરતાને ધ્યાને લઈ હાલ ડિમોલિશન કરવામાં આવી રહ્યું છે. જિલ્લા કલેકટર પ્રભવ જોષી તથા જિલ્લા વિકાસ અધિકારી એ.કે.વસ્તાણીના માર્ગદર્શનમા ધોરાજી તાલુકાના છત્રાસા ગામમા અંદાજે રૂ.૩.૭૦ કરોડ રકમની ૧.૧૮ લાખ ચો.મી. થી વધુ જમીન પરથી વહીવટી તંત્ર દ્વારા દબાણ દૂર કરાયું હતુ. ગૌચર સર્વે નંબર ૫૦૩ પૈકી જમીનમાં ખેતીને લગતું દબાણ તથા પાકા મકાનના ફરતે કંપાઉન્ડ વોલ/ઓરડીઓ મળી અંદાજે કુલ ૧,૧૮,૪૦૦ ચો.મી. જમીનમાં વાવેતર અને બાંધકામ કરી દબાણ કરેલ હતું જે દબાણ આજે દૂર કરાયુ હતુ.

આ દબાણની અંદાજિત બજાર કિંમત રૂપિયા ૩ કરોડ ૭૦ લાખ જેટલી થાય છે. જે દબાણ પ્રાંત અધિકારી ધોરાજી,તાલુકા વિકાસ અધિકારી ધોરાજી,મામલતદાર ધોરાજીના પ્રતિનિધિ,તાલુકા પંચાયત ઓફિસ સ્ટાફ તથા પોલીસ સ્ટાફ સાથે ગ્રામ પંચાયત છત્રાસા દબાણ દૂર કરાયુ હતુ. તેમજ બાકી રહેલ જમીન પર થયેલ દબાણ બાબતે કાયદાકીય પ્રક્રિયા પૂર્ણ કરી દબાણ દૂર કરવાની કામગીરી આગામી સમયમાં દૂર કરવામાં આવશે તેમ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા જણાવાયું છે.

અન્ય તાલુકાઓમાં પણ અત્યારે હાલ ડિમોલિશનની કામગીરી ચાલી રહી છે તેમાં મહત્વનું એ છે કે જે જગ્યા પર ગેરકાયદે દબાણ ખડકી લેવામાં આવ્યા હોય તો તેને સર્વ પ્રથમ દૂર કરવા માટે જણાવવામાં આવે છે અને નોટિસની પણ બજવણી થાય છે પરંતુ ઘણી ઘણી જગ્યાઓ પર અધિકારીઓને ખ્યાલ હોવા છતાં પણ ભૂતકાળમાં કોઈ ડિમોલિશન હાથ ધરવામાં આવ્યા નથી તેને લઇ અત્યારે આ મુદ્દો અત્યંત ચર્ચાનો વિષય બન્યો છે. મહત્વનું એ છે કે જ્યાં સુધી આ દબાણને દૂર કરવામાં નહીં આવે ત્યાં સુધી જે કામગીરી કરવામાં આવી રહી છે તેનો કોઈ અર્થ રહેશે નહીં કારણકે નવા ગેરકાયદે દબાણોને દૂર કરવાના બદલે જે જુના દબાણો છે તેને સર્વ પ્રથમ દૂર કરવામાં આવે તે ખૂબ જરૂરી છે. આ તમામ બાબતોને ધ્યાને લઈ આવનારા દિવસોમાં રાજકોટ જિલ્લાના તમામ તાલુકા સ્તરે જ્યાં દબાણો ખડકાયેલા હશે તેને જિલ્લા વહીવટી તંત્ર દૂર કરશે અને તે માટે સ્થાનિક અધિકારીઓને પણ તાકીદ કરી દેવામાં આવી છે.

# મગજ ભમતા પિતા-પુત્રએ ઝેરી દવા પી આપઘાતનો કર્યો પ્રયાસ

## ન્યુ સાગર સોસાયટીમાં બનેલો બનાવઃ પિતા-પુત્ર સિવિલ હોસ્પિટલમાં દાખલ



રાજકોટ મિરર, તા.૨૨

શહેરનાં કેદારનાથ ગેઈટ પાસે ન્યુ સાગર સોસાયટીમાં રહેતા પિતા-પુત્રએ ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. મગજ ભમતો હોય જેથી આ પગલું ભર્યું હોવાનું જાણવા મળ્યુ છે.

બનાવની પ્રાપ્ત વિગતો મુજબ રાજકોટમાં કેદારનાથ ગેઈટ પાસે ન્યુ સાગર સોસાયટી ૧ માં રહેતાં રજનીકાંતભાઈ બ્રીજલાલભાઈ પાટડિયા (ઉ.વ.૭૧) અને તેના પુત્ર મયુર રજનીકાંતભાઈ પાટડિયા (ઉ.વ.૪૩) એ બપોરના ૧૨ વાગ્યાં આસપાસ પોતાના ઘરે કોઈ ઝેરી દવા પી જતા બંનેને તાકિદે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તબિયતમાં સારુ જણાતાં તબીબે પિતા-પુત્રને રજા આપી હતી. બનાવ અંગે તેમના પરિવારજને જણાવ્યું હતું કે રજનીકાંતભાઈને સંતાનમાં બે દિકરી અને એક પુત્ર મયુર છે. બંને પુત્રી હાલ તેમનાં સાસરે રહે છે. જ્યારે મયુર અપરણિત છે. અને બંને પિતા-પુત્ર સાગર સોસાયટીમાં સાથે રહે છે. ગઈ કાલે મયુરનો મગજ ભમતો હોય જેથી મયુરે કોઈ ઝેરી દવા પી લીધી હતી. અને જેની જાણ તેનાં પિતાને થતાં તેને પણ સાથે ઝેરી દવા પી લીધી હતી. બાદ બંને પિતા- પુત્ર ઘરની બહાર ઉલ્ટી કરતાં હોય જે પાડોશી જોય જતા પાડોશીએ રજનીકાંતભાઈના નાનાં ભાઈને જાણ કરી હતી. બાદ તાકિદે બંનેને સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. રજનીકાંતભાઈ ચાર બહેન અને બે ભાઈમાં મોટાં છે.

# જંકશન પ્લોટ ગાયકવાડી વિસ્તાર પાસે જુગાર દરોડો

## રૂ.૧૦૫૦નો મુદામાલ કબજે કરતી એલ.સી. બી.



રાજકોટ તા.૨૨

પ્રાપ્ત વિગત મુજબ એલ. સી.બી. પોલીસે જંકશન પ્લોટ પાસે બાતમી મળી હતી કે ગાયકવાડી શેરી નંબર ૧૦ પાસે જાહેરમાં એક શખ્શ વર્લી ફીચરના આકડા લખી જુગાર રમતા હોવાની બાતમી પરથી પોલીસે જુગાર દરોડો પાડતા એક શખ્સને પકડી પડ્યો હતો. જેમાં હરેશ ભગતરામ ભખતીયાપુરી (રહે. ગાયકવાડી, સાધુવાસવાણી સ્કૂલ પાસે જંકશન પ્લોટ)નો સમાવેશ હોવાનું પોલીસે જણાવ્યું હતું. આ દરમિયાન પ્ર. નગર પોલીસે શખ્સ સામે ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી કરી હતી.

# શહેરના બત્રીસ વર્ષિય શ્યામ પાટીલનું હૃદય થંભી ગયું

## યુવક રાત્રે સુતા બાદ સવારે જાગ્યો જ નહિઃ પરિવારમાં કલ્પાંત

રાજકોટ મિરર તા.૨૨

શહેરમાં વધુ એક યુવાનનું હૃદય થંભી ગયું છે. માયાણી ચોક પાસે પટેલ કોલોની શેરીમાં રહેતા યુવકનું હાર્ટ એટેકથી મોત નિપજયું છે. બનાવ પગલે મૃતકના પરિવારમાં ગમગીની છવાઈ ગઈ છે.

બનાવની પ્રાપ્ત વિગતો મુજબ માયાણી ચોક પાસે પટેલ કોલોની શેરી નં-૧માં રહેતા શ્યામ દેવેન્દ્રભાઈ પાટીલ (ઉ.વ.૩૨) નામનો યુવક રાત્રિના પોતાના ઘરે સુતા બાદ સવારે ન જાગતા તેનો નાનો ભાઈ જગાડવા ગયો ત્યારે યુવક સેટી પરથી નીચે પડ્યો હતો. અને શરીર જકડાયેલું હતું. બાદ તાકીદે યુવકને ૧૦૮ મારફત રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ઈમરજન્સી વિભાગના તબીબે જોઈ તપાસી યુવકને મૃત જાહેર કરતા પરિવારમાં ગમગીની છવાઈ હતી. બનાવ અંગે હોસ્પિટલ ચોકીના સ્ટાફે માલવીયાનગર પોલીસને



જાણ કરતા પોલીસ સ્ટાફે હોસ્પિટલ પહોંચી જરૂરી કાર્યવાહી કરી હતી. મૃત્યુ પામનાર બે ભાઈ એક બહેનમાં મોટા હતા. અને તેને સંતાનમાં એક દીકરી છે. યુવક પ્રાઈવેટ નોકરી કરતો હોવાનું જાણવા મળ્યું હતું.

# શારીરિક માનસીક ત્રાસ આપ્યાની ફરિયાદમાં પતિ સહિતનાને નિર્દોષ ઠેરવતી અદાલત

## પત્નીએ તેના પતિ તેમજ સાસુ-સસરા પર ત્રાસ આપ્યાની ફરીયાદ દાખલ કરતાં ફોજદારી કેસ ચાલી જતાં રાજકોટની નામદાર અદાલતે પતિ, સાસુ-સસરાને નિર્દોષ ઠેરવ્યા

આ કેસની ટુંકમાં હકીકત એવી છે કે ફરીયાદી અંજુમાબેન હુસેનભાઈ ચૌહાણએ સાસરિયાં સામે શારીરિક માનસીક ત્રાસ આપ્યાંની ફરિયાદ નોંધવામાં આવી હતી.પતિ દારૂ પીને ફરીયાદી સાથે અવાર-નવાર ઝઘડાઓ કરીને મારકુટ કરી માનસીક ત્રાસ આપતો અને સાસુ સસરા મેણાટોણા બોલીને દુઃખ ત્રાસ આપ્યાની રાજકોટ શહેર મહિલા પોલીસ સ્ટેશનમાં આઈ.પી.સી. કલમ-૪૯૮(ક), ૧૧૪ મુજબ ગુન્હો નોંધાયો હતો. ત્યાર બાદ આરોપીઓ વિરૂધ્ધ ચાર્જશીટ ફાઈલ થતાં અદાલત દ્વારા આરોપીઓને સમન્સ ઇસ્યુ કરવામાં આવેલ હતા. ત્યાર બાદ આરોપીઓએ રાજકોટના ધારાશાસ્ત્રી અર્જુન એસ. પટેલને તેમના વકીલ તરીકે રોક્યા હતા. આરોપીઓ તરફે અર્જુન એસ. પટેલ દ્વારા એવી ધારદાર દલીલ કરવામાં આવેલ હતી કે, ફરીયાદની જુબાનીમાં ફરીયાદીએ એવું કબુલ કરેલ છે કે, મારી સરતપાસમાં જણાવેલ વિગતો મુજબ મેં પોલીસ રૂબરૂની ફરીયાદમાં મારા પતિ કયારે ઝઘડો કરતા હતા તે સબંધ કોઈ ચોક્કસ સમય કે તારીખ, વાર જણાવેલ નથી તેમજ મારા પતિ દારૂ પીતા હોય તેવી પણ ફરીયાદ કરેલ નથી. તેમજ ફરીયાદી દ્વારા ફીનાઈલ



પીવાના બનાવની હકીકત પ્રથમ વખત સરતપાસમાં જણાવેલ છે, પોલીસ ફરીયાદમાં જણાવેલ નથી. તેમજ ફરીયાદી આરોપી સાથે અલગ રહેતા હોય અને અન્ય આરોપીઓ ત્રાસ આપતા હોય તેવું પણ બનેલ નથી. તેમજ આરોપીઓ દ્વારા મારકુટ કરવામાં આવેલ હોય અને કોઈ ડોકટર પાસે સારવાર લીધેલ હોય તેવું પણ તપાસ દરમ્યાન ખુલવા પામેલ નથી. તેમજ ફરીયાદમાં ત્રાસ અંગે જે આક્ષેપો કરવામાં આવેલ છે તેના સમર્થનમાં તપાસ દરમ્યાન કોઈ પુરાવાઓ મળેલ નથી.વધુમાં રાજકોટના ધારાશાસ્ત્રી અર્જુન એસ. પટેલ દ્વારા નામદાર અદાલત સમક્ષ એવી દલીલ કરવામાં આવેલ કે, **Actori Incumbit Probatio** લેટીન મેકીસમ મુજબ ક્રિમીનલ કેસમાં પુરવાર કરવાનો બોજો ફરીયાદ પક્ષ ઉપર હોય છે. નામદાર વડી અદાલતે ઘણાં બધા ચુકાદામાં ઠરાવેલ છે કે જયાં સુધી ફરીયાદ પક્ષ પોતાનો કેસ **Beyond Reasonable Doubt** પુરવાર ન કરે ત્યાં સુધી આરોપીને તક્સીરવાન ઠરાવી શકાય નહી.જેથી આરોપીઓ ભારતીય દંડ સંહિતાની કલમ-૪૯૮(ક), ૧૧૪ ના ગુન્હાના તહોમતમાંથી નિર્દોષ છોડી મુકવાનો હુકમ ફરમાવેલ છે.આ કામમાં આરોપીઓ (૧) હુસેન મહમદભાઈ ચૌહાણ (૨) મહમદ કરીમભાઈ ચૌહાણ તથા (૩) ફાતીમાબેન મહમદભાઈ ચૌહાણ વતી એડવોકેટ તરીકે રાજકોટના વિદ્વાન ધારાશાસ્ત્રી અર્જુન એસ. પટેલ, મહેન એમ. ગોંડલીયા, રવિન એન. સોલંકી તથા ભાર્ગવ એ. પાનસુરીયા રોકાયેલા હતા.

ગોંડલ રોડ પર વાવડી વિસ્તારમાં રહેતો પરપ્રાંતિય પરિવાર ચિંતામાં ડુબ્યો

# રાતે એક સુધી ઘરમાં હતી, સાડા ત્રણે ગાયબઃ બાળાનું અપહરણ

## તાલુકા પોલીસે અજાણ્યા શખ્સ વિરૂધ્ધ FIR દાખલ કરી તપાસનો ધમધમાટ શરૂ કર્યો

રાજકોટઃ શહેરમાં અવાર-નવાર સગીરાઓ, છાત્રાઓ, યુવતિઓ ગૂમ થઇ જતી હોય છે. પોલીસ તપાસ કરે અને જે તે ગૂમ થનારને શોધી કાઢે પછી ઘણીવાર અપહરણ-દૂષ્કર્મ-શોષણની ચોંકાવનારી વિગતો પણ ખુલતી હોય છે. હજુ બે દિવસ પહેલા જ આવા એક કિસ્સામાં એક બારમા ધોરણની છાત્રા ગૂમ થયા બાદ તેને શોધી કઢાતાં તેણી સાથે વિધર્મી સ્કૂલવેન ચાલકે અવાર-નવાર દૂષ્કર્મ આચરી વિડીયો બનાવી લીધાનું અને બ્લેકમેઇલ કરી શોષણ કર્યાનું ખુલ્યું હતું. જેમાં પોલીસે આરોપીને દબોચી લીધો હતો. બીજી તરફ શહેરના ગોંડલ રોડ પર વાવડીમાં રહેતાં પરપ્રાંતિય પરિવારની પંદર વર્ષની દિકરી ઘરમાંથી ભેદી રીતે ગૂમ થઇ જતાં શોધખોળ બાદ પોલીસને જાણ કરતાં પોલીસે સગીર ગૂમ થવાના કિસ્સામાં તુરત અપહરણનો ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે. રાતે એક વાગ્યા સુધી આ દિકરી ઘરના સભ્યો સાથે જાગતી હતી. રાતે સાડા ત્રણે માતાની આંખ ઉઘડી ત્યારે આ દિકરી ગાયબ હતી.



ચોંકાવનારી આ ઘટનાની વિગતો પર નજર કરીએ તો ગોંડલ રોડ પર આવેલા વાવડીમાં વિશ્વકર્મા સોસાયટી મેઇન રોડ પર પતરાના કારખાનાની સામે રહેતાં મુળ ઉત્તરપ્રદેશના કાનપુરના રાજપોર ગામના યુવાન વર્ષોથી રાજકોટ રહી શાકભાજીનો ધંધો કરી ગુજરાન ચલાવે છે. તેને સંતાનમાં ચાર દિકરી છે. જેમાં એકના લગ્ન થઇ ગયા છે. એક દિકરી પંદર વર્ષની છે. દરમિયાન તારીખ બારમી જાન્યુઆરીની રાતે એકાદ વાગ્યે અમે ઘરના સભ્યો જાગતા હતાં. બાદમાં બધા સુઇ ગયા હતાં. રાતે સાડા ત્રણેક વાગ્યે મારા પત્નિએ મને જગાડીને કીધુ હતું કે આપણી પંદર વર્ષની દિકરી ઘરમાં નથી. આથી અમે આસપાસમાં બધે તપાસ કરી હતી. રાતે જ ગોંડલ રોડ ચોકડી સુધી તપાસ કરી આવ્યા હતાં. પરંતુ પત્તો મળ્યો નહોતો. આમ છતાં અમે અમારી રીતે દિકરીની શોધખોળ ચાલુ રાખી હતી. પરંતુ સતત તપાસ કરવા છતાં તેની ભાળ ન મળતાં અંતે પોલીસને જાણ કરી હતી.

તાલુકા પોલીસ સ્ટેશન સુધી આ વાત પહોંચતા પોલીસ ઇન્સ્પેકટર ડી. એમ. હરિપરાએ ઘટનાને ગંભીર ગણી તુરત જ સગીરાના અપહરણ મામલે અજાણ્યા શખ્સ વિરૂધ્ધ ગુનો નોંધી ટીમોને કામે લગાડી હતી. સીસીટીવી કેમેરા ચેક કરવા તજવીજ શરૂ થઇ હતી. પિતાએ પોલીસને જણાવ્યું હતું કે મારી દિકરી ઘરેથી નીકળી ત્યારે બ્લુ કલરનું જીન્સ અને વાદળી કલરની કુર્તી પહેરી હતી. તેની ઉંચાઇ ચાર ફુટ પાંચ ઇંચ જેટલી છે અને પાતળા બાંધાની છે. તે ગુજરાતી, હિન્દી અને ભોજપુરી ભાષા જાણે છે. તે આઠ ધોરણ સુધી ભણેલી છે. શોધખોળ બાદ પણ ન મળતાં અંતે પોલીસને જાણ કરી હતી. તેણીને કોઇ અપહરણ કરી લઇ ગયાની શંકા છે. જો કે અમને હાલ કોઇ પર શંકા નથી. તાલુકા પોલીસની ટીમે આ બાળાને શોધી કાઢવા તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

શહેરમાં અગાઉ પણ આ રીતે બાળાઓ ગૂમ થતાં તેમાં અપહરણના ગુના દાખલ કરી પોલીસે અપહૃત અને આરોપીઓને શોધી કાઢ્યા હતાં.

જેમાં મોટા ભાગે કહેવાતા પ્રેમીઓએ બાળાઓને લલચાવી ફોસલાવી ભગાડી હતી અને તેનું શારીરિક તેમજ આર્થિક અને માનસિક શોષણ કર્યાની વિગતો ખુલી હતી. આ પ્રકારના અનેક કિસ્સામાં કડક કાર્યવાહી થઇ હતી. દરમિયાન વધુ એક બાળા ભેદી રીતે ગૂમ થઇ હોઇ તેને કોઇ ફસાવીને ભગાડી ગયું કે જાતે જ કોઇ કારણોસર કંટાળીને નીકળી ગઇ? તે સહિતના એંગલની તપાસ થઇ રહી છે.

# જામકંડોરણાના જસાપરમાં બંધ મકાનમા તસ્કરનો હાથફેરો

## તીજોરીમાંથી ૩.૦૫ લાખના ઘરેણા ઉસેડી ગયા

રાજકોટ તા.૨૨

જામકંડોરણા તાલુકાના જસાપર ગામે બંધ મકાનને તસ્કોર નિશાન બનાવી અહીં કબાટની અંદર રહેલી તિજોરીમાંથી સોના-ચાંદીના ઘરેણા સહિત રૂ.૩.૦૫ લાખની ચોરી કરી ગયા અંગે જામકંડોરણા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી.મકાન માલિક પ્રોઢ અને તેનો પુત્ર હાલ નવસારી પંથકમાં રહેતા હોય તેમ જ અહીં રહેતી તેમની પત્ની અને તેમની મતા છેલા થોડા દિવસથી બહાર ગયા હોય તે દરમીયાન ચોરીની આ ઘટના બની હતી. ચોરીના આ બનાવની જાણવા મળતી વિગતી મુજબ, હાલ નવસારીના ખેડગામ તાલુકાના પાણીખડક ગામે રહેતા મનસુખભાઈ માંહનભાઈ રામોલિયા દ્વારા જામકંડોરણા પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, હાલ તે તથા તેનો પુત્ર ચિંતન અહીં પાણીખડક ગામે રહે છે જ્યારે તેમના મૂળ વતન જામકંડોરણાના જશાપરમાં તેમના પત્ની ચંદ્રિકાબેન અને માતા હેમીબેન બંને રહે છે. તા. ૨૦/૧ ના સવારના દસેક વાગ્યે મનસુખભાઈને તેમના વેવાઈ નો ફોન આવ્યો હતો. અને કહ્યું હતું કે, હું અહીં તમારા ઘરે તમારી માતાને ટિફિન દેવા આવ્યો હતી ત્યારે ઘરના તાળા તૂટલા છે અને સામાન વર વિખેર છે. જંથી ચોરી કાર થયાનું લાગે છે. જેથી ફરિયાદી લઈ અહીં પાણીખડક ગામેથી જસાપર આવ્યા હતા. બાદમાં તેમણે આ બાબતે પાત્નીને પૂછતા માલુમ પડયું હતું કે, તેમના પત્ની ચંદ્રિકાબેન પુત્રીની ડીલેવરી આવે તેમ હોય જેથી તેઓ ઉપલેટા ગયા હતા જ્યારે તેમના માતા હંમીબેન ઉજળા ગામના પાદરમાં આવેલી તેમની વાડીએ રોકાયા હતાં.

દરમિયાનના આ સમયગાળામાં કોઈ શખસોએ દિવાલ ટપી મકાનમાં પ્રવેશ કરી ચોરીના બનાવને અંજામ આપ્યો હતો. જેમાં તસ્કરો કબાટનો લોક તોડી તિજારીમાં રાખેલુ સોનાનું મંગળસૂત્ર, સોનાના બે પેન, સોનાની ચાર વીટી તથા સોનના આમ ચાર નંગ, નાકના દાણા નંગ ચાર, પેન્ડલ સ્ટેટ સહિત કુલ રૂપિયા ૩.૦૫ લાખની મતા ચોરી કરી ગયા હતા. આ અંગે જામકંડોરણા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવતા પોલીસે શખ્શની શોધખોળ હાથ ધરી છે.

## અવસાન નોંધ

**રાજકોટ :** રેનીલ જગદીશભાઈ રાણપરા(ઉ.વ.૩૬) તે સ્વ. પરસોત્તમદાસ મોહનલાલ રાણપરાના પૌત્ર, જગદીશભાઈ પરસોત્તમદાસ રાણપરાના પુત્ર નું તા. ૨૧ના રોજ અવસાન થયું છે. બેસણું તા. ૨૩ને ગુરુવારે, બપોરે ૩:૩0 થી ૫ સોની સમાજની વાડી, કોઠારીયાના નાકા પાસે , મામા સાહેબના મંદીરની બાજુમાં રાજકોટ ખાતે રાખેલ છે.

ગોંડલ : સ્વ. નલીનકુમાર કેશવલાલ રાજાણીનાં પત્નિ નલીનીબેન ઉ.૬૨ તે સ્વ.કેશવલાલ ભીખાલાલ રાજાણીનાં પુત્રવધુ, પાનાચંદ રગ્ગનાથ ઠકરાર (ધોરાજી)નાં પુત્રી, પારસ તથા આકાશ નાં માતુશ્રી નું તા.૨૧ નાં અવસાન થયુછે.બેસણું તા.૨૩ નાં સાંજે ચાર થી છ બેનાણીવાડી વચલીશેરી ગોંડલ ખાતે રાખેલ છે.પિયર પક્ષ ની સાદડી સાથે રાખેલ છે.

# મેહુલ નગરમાં રેનીલ રાણપરાનું કેન્સરથી મોત

રાજકોટ મિરર તા.૨૨

કેન્સરે વધુ એક યુવકનો ભોગ લિધો છે. શહેરનાં નીલકંઠ ટોકીઝ પાછળ મેહુલ નગરમાં રહેતા યુવકનું કેન્સરની બીમારીથી મોત નિપજયું છે. બનાવ અંગે મૃતકના પરિવારમાં ગમગીની છવાઈ ગઈ છે.

બનાવની પ્રાપ્ત વિગતો મુજબ નીલકંઠ ટોકીઝ પાછળ મેહુલ નગર શેરી નં-૧૫ માં રહેતાં રેનીલ જગદીશભાઈ રાણપરા (ઉ.વ.૩૬) નામનો યુવક રાત્રિના પોતાના ઘરે હતો ત્યારે અચાનક બેભાન થઈ જતાં તાકિદે તેઓને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં સારવારમાં ફરજ પરનાં તબીબે મૃત જાહેર કર્યો હતો. યુવકને ફાકીનું વ્યશન હતું. મોઢાનું કેન્સર થતાં યુવકે સારવારમાં દમ તોડી દિધો હતો.

### સ્ટાફના અભાવે RMCમાં લોકોના પ્રશ્નો અટવાયા

# મનપામાં ૪,૩૮૮ના મહેકમ સામે ૨૧૦૮ જગ્યાઓ ખાલી

એડિશનલ સીટી એન્જિનિયર મિકેનિકલ, એડિશનલ સીટી એન્જિનિયર, આસિસ્ટન્ટ મ્યુનિસિપલ કમિશનર, સીટી સ્પેશિયલ એન્જિનિયર, ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર, ટાઉન પ્લાનર જેવી મહત્તમ વર્ગ એકની જગ્યાઓ ખાલી



રાજકોટ, તા. ૨૨

રાજકોટ મહાનગરપાલિકા પર સમગ્ર રાજકોટ ના વિકાસની જવાબદારી છે એટલું જ નહીં રાજકોટ મહાનગરપાલિકાના દરેક પગલાં અને દરેક કામગીરી શહેરના વિકાસ માટે ખૂબ મહત્વનો ભાગ ભજવે છે પરંતુ વાસ્તવિકતા એ છે કે જે ગતિથી કામગીરી થવી જોઈએ તે ગતિ અત્યારે જાણે મંદ હોય તેવું સામે આવ્યું છે. કારણકે જ્યાં સુધી પૂરતું મહેકમ ન હોય ત્યાં સુધી કામગીરીનું ભારણ અન્ય કર્મચારી તથા અધિકારીઓ પર રહેતું હોય છે. હાલ જે આંકડો મહાનગરપાલિકા પાસેથી સામે આવ્યો છે તે મુજબ કુલ વર્ગ ૧ થી ૪ માં ૪, ૩૮૮ જગ્યાઓ મંજૂર થયેલી છે જેમાંથી ૨૨૮૦ જગ્યાઓ હાલ ભરેલી છે જ્યારે બાકી રહેતી ૨૧૦૮ જગ્યાઓ હજુ પણ ખાલી પડેલી છે જેનો મતલબ એ સ્પષ્ટ છે કે અત્યારે મહાનગરપાલિકા અડધા મહેકમ સાથે કાર્ય કરી રહ્યું છે. ત્યાં સુધી મહેકમ્મા વધારો કરવામાં નહીં આવે ત્યાં સુધી હજુ ઘણા ખરા અન્ય પ્રશ્નો પણ ઊભા થશે અને જે કામગીરીમાં ઝડપ આવી જોઈએ તે પણ નહીં આવે આ વાતની ગંભીરતાને ધ્યાને લઈ મહાનગરપાલિકા દ્વારા નક્કર પગલા લેવામાં આવતા હોય તેવું પણ હાલ માનવામાં આવી રહ્યું છે પરંતુ ૨૦૦૦ થી વધુ ખાલી જગ્યા હોવાની જાણ થતા આ જગ્યાઓ કેવી રીતે ભરવામાં આવશે તે પ્રશ્ન મનપા તંત્ર સામે ઉભો થયો છે. ક્લાસ વન માટે કુલ ૩૭ જગ્યાઓ મંજૂર થયેલી છે જેમાંથી માત્ર આઠ જગ્યા જ ભરેલી છે અને ૨૯ જગ્યાઓ હજુ પણ ખાલી છે જેમાં એડિશનલ સીટી એન્જિનિયર ,સિટી એન્જિનિયર સ્પેશિયલ, ડિરેક્ટર પાર્ક એન્ડ ગાર્ડન, ડિરેક્ટર આઈટી, એન્વાયરમેન્ટ એન્જિનિયર, એક્ઝિક્યુટિવ ઈજનેર, અર્બન પીએચસી અને અર્બન સીએચસી માટે ગાયનેકોલોજિસ્ટની બંને જગ્યાઓ હજુ ખાલી છે તેવી જ રીતે પીડિયાટ્રિશિયન અર્બન પીએચસી અને અર્બન સી.એચ.સી માં પણ બે જગ્યાઓ ખાલી છે. એવી જ રીતે ટાઉન ટાઉન પ્લાનર ની પણ ત્રણ જગ્યાઓ સંપૂર્ણપણે ખાલી છે ત્યારે આ અંગે મહાનગરપાલિકા જણાવ્યું હતું કે આ જગ્યા માટે જાહેરાત આપી અરજીઓ મંગાવવામાં આવી છે અને આવનારા સમયમાં લેખિત પરીક્ષા પણ લેવામાં આવશે. મહત્વનું એ છે કે ક્લાસ ૨ માટે કુલ ૧૪૯ જગ્યાઓ મંજૂર કરવામાં આવેલી છે જેમાંથી ૨૮ જગ્યાઓ હજુ ખાલી છે. મહત્વની વાત તો એ છે કે વર્ગ ત્રણ માટે કુલ ૨૭૯૮ જગ્યાઓ માન્ય રાખવામાં આવી છે જેમાંથી ૧૨૨૬ જગ્યાઓ હજુ પણ ખાલી છે. એવી જ રીતે વર્ગ ચાર ની જો વાત કરવામાં આવે તો કુલ ૧,૪૦૪ જગ્યાઓ મંજૂર કરાયેલી છે અને તેમાંથી ૮૨૫ જગ્યાઓ હજુ સુધી મહાનગરપાલિકા ભરી શક્યું નથી. ત્યારે મહત્વનો અને સૌથી મોટો વિકટ પ્રશ્ન મનપા સામે એ જ છે કે જ્યાં સુધી આ ખાલી પડેલી જગ્યાઓને ભરવામાં નહીં આવે ત્યાં સુધી જે કામગીરી છે તે યોગ્ય રીતે થઈ શકશે નહીં કારણ કે ક્લાસ વન વિભાગની જો વાત કરવામાં આવે તો ટાઉન પ્લાનર જેવી મુખ્ય જગ્યા જે છે તેમાં પણ કોઈ અધિકારી ફરજ પર નથી ત્યારે તેનો સૌથી મોટો ફટકો મહાનગરપાલિકાને હાલ પડી રહ્યો છે.

આ માટે એક વખત નહીં અનેક વખત રાજ્ય સરકારને રજૂઆતો પણ કરવામાં આવી છે તેમાં એ વાત તો સ્પષ્ટ થઈ ચૂકી છે કે હજુ સુધી જે નકર પગલાં લેવામાં આવવા જોઈએ તે લેવામાં આવ્યા નથી તો બીજી તરફ જે કામગીરી જે ઝડપથી થવી જોઈએ તેમાં પણ ઘણા ખરા પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે ત્યારે યોગ્ય મેકમ હોય તો સંબંધિત વિભાગના અધિકારીએ તેમના નિર્ધારિત વિભાગમાં જ ધ્યાન કેન્દ્રિત કરવાનું રહે જેથી જે તે વિભાગની કામગીરી ઝડપભેર પૂર્ણ થઈ શકે પરંતુ આજ દિન સુધી આ કાર્ય હજી સુધી શક્ય બન્યું નથી અને પરિણામ સ્વરૂપે એક અધિકારી પાસે બે થી ત્રણ વિભાગોના વધારાના ચાર્જ આપવામાં આવ્યા છે જે તેના કામગીરી ઉપર પણ અસર પહોંચાડે છે. હવે જરૂરી એ છે કે આ અંગે ઝડપ પર રાજ્ય સરકાર નિર્ણય લઈએ તે ખૂબ જરૂરી છે.

# રૂડા વિસ્તારમાં હોર્ડિંગ્સ લગાવવામાં નહીં ચાલે લાલિયાવાડી

### અનેક એવી જગ્યાઓ કે જ્યાં વર્ષોથી લાગેલા છે હોર્ડિંગ્સ છતાં નથી થઈ પૂર્તિ કમાણી

રાજકોટ, તા. ૨૨

રાજકોટ શહેર વિકાસ સત્તા મંડળ દ્વારા જે કામગીરી કરવામાં આવી રહી છે તેને લઈને ઘણો ખરો આપો પણ જોવા મળ્યો છે એટલું જ નહીં ઘણી ઘણી કામગીરીમાં તો જાણે રૂડા દ્વારા આખ આડા કાન કરવામાં આવ્યા હોય અથવા તો કોઈ ઝાડ વગર કામગીરી થઈ ગઈ હોય તેવું ચિત્ર પણ ઉભું થયું છે હાલ જે વાત થઈ રહી છે તે મુજબ રૂડા વિસ્તારમાં અનેકવિધ પ્રકારના હોર્ડિંગ્સ લગાડવામાં આવતા હોય છે તેમાં સૂત્રોના જણાવ્યા અનુસાર ઘણા કિસ્સામાં રૂડાના અધિકારીઓ તથા કર્મચારીઓને ખ્યાલ જ ન હતો કે રૂડા હસ્તકની જગ્યામાં હોર્ડિંગ્સ વર્ષોથી લાગેલા છે અને તેની જે વસુલાત થવી જોઈએ તે પણ હજી સુધી થઈ શકી નથી. આ સમયે જ્યારે રૂડાના સત્તાધિશોને જાણ થઈ ત્યારે ત્વરિત રૂડાએ હોર્ડિંગ્સ માટેના ભાવ પત્રક નક્કી કરી દેવામાં આવ્યા.




હાલ જે વિગતો સામે આવી રહી છે તેને ધ્યાને લેતા એ વાત તો સ્પષ્ટ છે કે જે કોઈ એજન્સીને રૂડા હસ્તકની જગ્યામાં પોતાના હોર્ડિંગ્સ લગાડવા હશે તેઓએ રૂડા દ્વારા નક્કી કરવામાં આવેલા ભાવને અનુસરવું પડશે. એટલું જ નહીં વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર ઘણા ખરા સાઈનબોર્ડ અને હોર્ડિંગ્સ એ જગ્યાએ લાગ્યા હતા કે જેનો ખ્યાલ રૂડા ને પણ ન હતો અને જે સમયથી લાગ્યા તે સમયથી આજ દિન સુધી તેનો એક રૂપિયો પણ વસૂલવામાં આવ્યો ન હતો. ત્યારે હવે એ તમામ એજન્સીઓ અથવા તો વ્યક્તિઓને એક ચોક્કસ ભાવ નક્કી કરવામાં આવશે અને જેટલા વર્ષ તેઓએ તેની ચુકવણી ન કરી હોય તેટલા વર્ષ માટે તે ભાવ તેઓએ રૂડાને આપવો પડશે.

બાકી રહેતી જે નવી જગ્યાઓ છે તેના માટે રાજકોટ શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા ભાવ નક્કી કરી દેવામાં આવ્યો છે અને તેનું અનુસરણ કરવાનું રહેશે. જેમાં નોનલિટ હોર્ડિંગ્સ કે જેનો જુનો ભાવ પ્રતિચોરસ મીટર ૬૫૦ રૂપિયા હતો તે હવે ખાનગી જગ્યામાં ૪૫૦ રૂપિયા અને રૂડા હસ્તકની જગ્યામાં ૯૦૦ નક્કી કરવામાં આવ્યો છે. એવી જ રીતે બેકલીટ અને ફ્રન્ટલિટ માટે જુનો ભાવ ૬૫૦ રૂપિયા નક્કી કરવામાં આવ્યો અને તેમાં પણ નવા ભાવની જો વાત કરવામાં આવે તો ખાનગી જગ્યામાં ૪૫૦ અને રૂડા હસ્તકની જગ્યામાં ૯૦૦ નક્કી કરવામાં આવ્યા છે. એવી જ રીતે એલઈડી બોર્ડ માટે જુનો ભાવ પ્રતિ ચોરસ મીટર રૂપિયા ૨૦૦૦ નક્કી કરવામાં આવ્યો હતો જેમાં નવા ભાવ મુજબ ખાનગી જગ્યામાં ₹૧,૦૦૦ અને રૂડા હસ્તકની જગ્યામાં ₹૨,૦૦૦ નક્કી કરવામાં આવ્યા છે.

આ માટે રાજકોટ શહેરી વિકાસ સત્તા મંડળે વન ટાઈમ સિક્યુરિટી ડિપોઝિટ માટે જુના ભાવ મુજબ ₹૫૦૦ પ્રતિ ચોરસ મીટર નો ભાવ નક્કી કર્યો હતો તેમાં નવા ભાવ મુજબ ખાનગી જગ્યામાં ૫૦૦ રૂપિયા અને રૂડા હસ્તક ની જગ્યામાં ₹૫૦૦ નક્કી કરાયો છે. તો બીજી તરફ કોમ્યુનિકેશન સાઈડ માટે નવા ભાવ મુજબ ₹૧,૦૦૦ ખાનગી પ્લોટ માં અને રૂડા હસ્તકના પ્લોટ માં ૨૦૦૦ રૂપિયા નક્કી કરવામાં આવ્યા છે. આ કરવા પાછળનો સૌથી મોટું કારણ એ પણ છે કે હજી સુધી રાજકોટ શેરી વિકાસ સત્તા મંડળને જે આવક થવી જોઈએ તે થઈ શકી નથી ત્યારે નવા ભાવની અમલવારી થતાની સાથે જ આ તમામ પ્રશ્નો હલ થાય તેવું માનવામાં આવી રહ્યું છે.

# છેલ્લા છ મહિનામાં ફૂડ વિભાગે ૪૬૪૧ કિલો અખાદ્ય જથ્થાનો કર્યો નાશ

### ૨૭૭૩ જગ્યા પર હાથ ધરવામાં આવ્યું ફૂડ ચેકિંગ : આવનારા સમયમાં વિક્રેતાઓ અખાદ્ય જથ્થાનું વેચાણ ન કરે તે માટે ઊભી કરાશે નક્કર વ્યવસ્થા

રાજકોટ, તા. ૨૨

રાજ્ય સરકાર હોય કે કેન્દ્ર સરકાર બંને લોકોના સ્વાસ્થ્યને લઈ હરહંમેશ ચિંતાતુર રહેતા હોય છે અને સ્થાનિક પ્રશાસનને પણ એ વાતની સ્પષ્ટતા અને સૂચના આપવામાં આવે છે કે લોકોનું સ્વાસ્થ્ય ન જોખમાય તે માટે તમામ જરૂરી પગલાં લેવામાં આવે ત્યારે આ વાતની ગંભીરતાને ધ્યાને લઈ મહાનગરપાલિકા નું આરોગ્ય વિભાગ આ બાબતે હર હંમેશ તત્પર રહે છે અને સમયાંતરે વિવિધ જગ્યાઓ પર દરોડા પાડી લોકોના સ્વાસ્થ્ય સાથે કોઈ ચેડા તો નથી થતા ને તે બાબતની જાણકારી મેળવે છે. મળતી માહિતી મુજબ રાજકોટ મહાનગરપાલિકાની આરોગ્ય શાખા ના ફૂડ વિભાગ દ્વારા છેલ્લા છ મહિનામાં આશરે ૨૭૭૩ જગ્યા ઉપર ફૂડ ચેકિંગ કરવામાં આવ્યું હતું. અને આ દરમિયાન કુલ ૪૦ પેઢીમાંથી અંદાજે ૪,૬૪૧ કિલો અખાદ્ય ખોરાકનો જથ્થો કે જે માનવ આહાર માટે અયોગ્ય હોય અને નુકસાનકારક હોય તેને નાશ કરવામાં આવ્યો હતો. સામે ૪૦ જેટલા આસામીઓને ઝડપી પાડવામાં આવ્યા હતા અને તેઓને નોટિસો પણ ફટકારવામાં આવી હતી તેટલું જ નહીં ઝડપાયેલા અખાત્ય જથ્થો ફરી વેચાણ ન થાય અને તેનું ઉત્પાદન શક્ય ન બને તે માટે એસવીએમ વિભાગના વાહન દ્વારા તેનો નાશ કરવામાં પણ આવ્યો.

હાલ આટલી ગંભીરતા દાખવવામાં આવતી હોવા છતાં પણ રાજકોટમાં લોકોના સ્વાસ્થ્ય સંબંધિત કિસ્સાઓમાં અનેક પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે એટલું જ નહીં ઘણા ખરા કિસ્સામાં આજે પણ જે મહાનગરપાલિકાની ટીમ દ્વારા પગલાં લેવામાં આવતા હોય તો અખાદ્ય ખોરાકનો જથ્થો મળી આવતો હોય છે પરંતુ અહીં લેબોરેટરીની વ્યવસ્થા ન હોવાના કારણે જે સેમ્પલ લેવામાં આવતા હોય તેને તપાસ અર્થે વડોદરા મોકલવા પડે છે અને આ રિપોર્ટ માટે આશરે ત્રણ માસ જેટલો મતદાર સમય લાગતો હોવાની જાણ કારી હોવાથી જે તે વેપારીઓને મોકલું મેદાન મળી જતું હોય છે કારણ કે જ્યાં સુધી લેબોરેટરી નો રિપોર્ટ ન આવે ત્યાં સુધી એક પણ પ્રકારની કાર્યવાહી અથવા તો કામગીરી જે તે વેપારી પર થઈ શકે નહીં અને આ મુદ્દાનો લાભ લઈ વેપારીઓ ફરી જે સ્થિતિમાં જોવા મળતા હોય તે જ રીતે પોતાનો ખોરાક બનાવે અને લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડા કરતાં નજરે પડે છે.

તજજ્ઞોના જણાવ્યા અનુસાર હજુ રાજકોટ મહાનગરપાલિકાના ફૂડ વિભાગ દ્વારા જે નક્કર કામગીરી કરવામાં આવી જોઈએ અને જે કડકાઈ દેખાડવી પડે તેમ હોય તેમાં અધિકારીઓ તથા કર્મચારીઓ ઘણા ખરા અંશે નબળા પુરવાર થઈ રહ્યા છે.

આ તમામ મુદ્દાઓને ધ્યાને લઈ આવનારા દિવસોમાં કોઈ નક્કર કામગીરી આરોગ્ય વિભાગ દ્વારા કરવામાં આવે તેવું સ્પષ્ટ માનવામાં આવી રહ્યું છે.

મહાનગરપાલિકા દ્વારા વિવિધ પેઢીઓ પાસેથી છેલ્લા છ મહિનામાં ઘણા ખરા નમુના પણ લેવામાં આવ્યા છે જેની સંખ્યા અંગે જો વાત કરવામાં આવે તો તે આંકડો ૧૭૦ એ પહોંચ્યો છે. મળતી માહિતી મુજબ છેલ્લા છ મહિનામાં કુલ ૪,૬૪૧ કિલો અખાદ્ય જથ્થો પકડવામાં આવ્યો જેની બજાર કિંમત૧૪,૮૫,૦૦૦ થી વધુની જાણવા મળી છે ત્યારે આવનારા દિવસોમાં કોઈ નક્કર પગલા લેવામાં આવે તેવું ચિત્ર સ્પષ્ટ થઈ રહ્યું છે પરંતુ હાલ જે કામગીરી કરવામાં આવે છે તેમાં પણ જે ગંભીરતા દાખવવામાં આવી જોઈએ તે હજુ સુધી જોવા મળી નથી અને પરિણામ સ્વરૂપે હજુ પણ ઘણા ખરા વિક્રેતાઓ અખાદ્ય જથ્થાનું વેચાણ કરી રહ્યા છે અને લોકોના સ્વાસ્થ્ય ને હાનિ પણ પહોંચાડે છે.

### ઉપલેટાના ઇસરા ગામેથી પરણેલો શખ્સ રાજકોટ પરણેલી પ્રેમિકાને મળવા આવ્યો અને મોત મળ્યું

# દિકરીના પ્રેમીને છરીનો એક જ ઘા ઝીંકી વૃદ્ધે પતાવી દીધો

### રેલનગરની લોર્ડ ક્રિષ્ના સોસાયટીનો બનાવઃ વૃદ્ધ પિતા રાજેન્દ્ર રાઠોડ ઉપરના માળેથી નીચે આવ્યા ત્યારે દિકરી કિરણને પ્રેમી આસિફ સાથે જોતાં જ કાળઝાળ થયા અને લોહી રેડાયુંઃ આરોપી પ્ર. નગર પોલીસના સકંજામાં

રાજકોટ મિરર, તા. ૨૨

રાજકોટઃ રંગીલા રાજકોટ શહેરમાં હત્યાની વધુ એક ઘટના બની છે. રેલનગર વિસ્તારમાં એક વૃદ્ધે પોતાની પરણી દીકરીના પરિણીત પ્રેમીને છરીનો એક જ કે મતને ઘાટ ઉતારી દીધો છે જાણવા મળ્યા મુજબ ઉપલેટાના ઈસરા ગામેથી મુસ્લિમ શખ્સ રાજકોટ રહેતી પોતાની પ્રેમિકાને મળવા આવ્યો હતો અને તેની સાથે તેના જ ઘરમાં વાતો કરી રહ્યો હતો ત્યારે ઉપરના માળેથી પ્રેમિકાના પિતા આવી જતા બંનેને સાથે જોઈ કાળજાળ થઈ ગયા હતા અને હીચકારો હુમલો કર્યો હતો.

પ્રેમીને લોહીલુહાણ હાલતમાં હોસ્પિટલમાં ખસેડાયો હતો પરંતુ અહીં તેને મૃત જાહેર કરાયો હતો. હત્યાની ઘટના જાહેર થતાં પ્ર. નગર પોલીસ હરકતમાં આવી ગઈ હતી અને આરોપી વૃદ્ધની અટકાયત કરી પૂછપરછ શરૂ કરી હતી.હત્યા આ ઘટનાની વિગતો પર નજર કરીએ તો આડા સંબંધોનો વધુ એક વખત લોહિયાળં જ્યાં આવ્યો છે ઉપલેટાના ઈસરા ગામના રહેવાસી એવા પરણેલા મુસ્લિમ શખ્સને રાજકોટના રેલનગરમાં રહેતી પરણેલી યુવતી સાથે પ્રેમ સંબંધ બંધાયો હતો આડો સંબંધ તેને હત્યા સુધી દોરી ગયો છે. પોલીસ સુત્રોમાંથી જાણવા મળીને વિગતો અનુસાર ઉપલેટા રહેતો આશિક ઈકબાલભાઇ સોરા નામનો ૩૨ વર્ષે યુવાન આજે બપોર બાદ રાજકોટના રેલ નગર વિસ્તારની લોર્ડ ક્રિષ્ના સોસાયટીમાં દર્શીલ વિલા ખાતે કિરણ નામની પરિણીતાને મળવા આવ્યો હતો.



કિરણ હાલ તેના પિતા જ્યાં રહે છે ત્યાં જ રહે છે અને પોતે પરિણીત છે. વધુ માહિતી મુજબ કિરણ અને આસિફ બને ગ્રાઉન્ડ ફ્લોરમાં બેઠા બેઠા વાતો કરી રહ્યા હતા ત્યારે ઉપરના મેળે થી કિરણ ના પિતા રાજેન્દ્રભાઈ પોપટભાઈ રાઠોડ કે જેની ઉંમર ૬૫ વર્ષ છે તેઓ નીચે આવ્યા હતા ત્યારે બંનેને સાથે જોઈ તેને આશિકને તું અહીં શું કામ આવ્યો છે તેમ કહી ઝઘડો કર્યો હતો આ ઝઘડો ઉગ્ર બની જતા રાજેન્દ્રભાઈએ છરી કાઢી ના પગમાં એક ઘર શીખી દીધો હતો સાથળમાં ધોળી નસ કપાઈ જતા તે લોહી લુહાણ થઈ ગયો હતો બનાવને પગલે દેકારો મચી ગયો હતો. કિરણે જ આસીફને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યો હતો. પરંતુ અહીં સારવાર દરમિયાન આસીફને તબીબે મૃત જાહેર કરતા બનાવ હત્યામાં પલટાયો હતો. આ અંગે સિવિલ હોસ્પિટલ ચોકીના સ્ટાફે પ્ર.નગર પોલીસને જાણ કરતા પીઆઇ વસાવા, પીએસઆઇ બોરીસાગર અને ડી સરાફની ટીમ ઘટના સ્થળે તથા હોસ્પિટલને દોડી ગઈ હતી. આરોપીને પણ પોલીસે સકંજામાં લઇ પૂછતાછ કરી હતી. હત્યાનો ભોગ બનનાર પરણેલો છે અને તેને બે પુત્ર છે.

જ્યારે કિરણને પણ સંતાન છે. હત્યાનો ભોગ બનનાર આસિફ ચાર ભાઈ બહેનમાં નાનો હતો. તે અને કિરણ ઉપલેટા ગોલ્ડ લોન કંપનીમાં સાથે નોકરી કરતાં હોઇ બને વચ્ચે ઓળખાણ થઈ હતી. આજે તે રાજકોટ કિરણના ઘરે હતો ત્યારે તેણીના પિતાએ ઝગડો કરી મોતને ઘાટ ઉતારી દીધો હતો.